
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૩૯ મું.
અંક ૮ મો.

સંવત ૧૯૯૮
ફાલ્ગુન.



શેઠ હઠીભાઇનું ભવ્ય જિનાલય-અમદાવાદ.

પ્રકાશક,
શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય


૧. પ્રભુનું ગાન ... ... ... ... ... ... ... ... ... ... (સુયશ) ૧૭૩
૨. પ્રભુ મહાવીર પંચકલ્યાણક મહિમા (રાસ) ... (મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ) ૧૭૪
૩. વીરકા ધ્યાન ... ... ... ... ... ... ... ... ... ... (સુયશ) ૧૭૫
૪. શ્રી સિદ્ધસ્તોત્ર ... ... ... ... ... ... (ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા) ૧૭૬
૫. ધર્મસ્વરૂપ ... ... ... ... ... (આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ) ૧૭૮
૬. મુનિનું સ્વરૂપ ... ... .... ... ... .... ... ... ... ... ... ૧૮૧
૭. કૃત્રિમતા (ડોળ-દંભ) વિષે શ્વાનોક્તિ ... ... (કવિ રેવાશંકર વાલજી બધેકા) ૧૮૨
૮. જ્ઞાન અને ક્રિયા ... ... ... ... ... ... ... ..... ... ... ... ... ૧૮૩
૯. અજિત સુક્તમાળા ... ... ... ... .... (સં: મુનિ લક્ષ્મીસાગરજી મહારાજ ૧૮૪
૧૦. અહિંસાની અદ્દભુત શક્તિ ... ... ... ... ... ... (મોહનલાલ દી. ચોકસી ૧૮૬
૧૧. શ્રી મુનિસુંદરસૂરિ ... (મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલએલ. બી. એડવોકેટ) ૧૮૮
૧૨. શાસ્ત્રજ્ઞાન ... ... ... ... ... ... ... શ્રીમાન કુંદકુંદાચાર્ય. ) ૧૯૨
૧૩. વિશ્વસંસ્કૃતિમાં જૈન ધર્મનું સ્થાન .... ... ... ... ... ... (ઉધ્ધૃત) ૧૯૩
૧૪. સ્વીકાર અને સમાલોચના ... ... ... ... ... ... ... ... ... ... ૧૯૫
૧૫. વર્તમાન સમાચાર. ... ... ... ... ... ... ... ... ... ... ... ૧૯૬


# શ્રી વાસુપૂજ્ય (પ્રભુ) ચરિત્ર.

## (શ્રી વર્ધ્ધમાનસૂરિકૃત.)

૫૪૭૪ શ્લોકપ્રમાણ, મૂળ સંસ્કૃત ભાષા અને સુંદર શૈલીમાં વિસ્તારપૂર્વક જુદા જુદા આગમો તથા પૂર્વાચાર્યોકૃત અનેક ગ્રંથોમાંથી દોહન કરી **શ્રીમાન વર્ધ્ધમાનસૂરિજીએ** સં. ૧૨૯૯ ની સાલમાં લખેલો આ અપૂર્વ ગ્રંથ છે. રચનાર મહાત્માની કવિત્વશક્તિ અદ્દભુત છે, તે તેમાં આવેલ સર્વ પ્રકારના રસોની પરિપૂર્ણતા જ બતાવી આપે છે. તેનું આ સાદું, સરલ અને સુંદર ભાષાંતર છે. ઊંચા એન્ટીક કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોમાં છપાવેલ છે.

આ ગ્રંથમાં પ્રભુના ત્રણ ભવો, પાંચ કલ્યાણકો અને ઉપદેશક જાણવા યોગ્ય મનનીય સુંદર બોધપાઠો, તત્ત્વજ્ઞાન, તપ વગેરે સંબંધીની વિસ્તૃત હકિકતોના વર્ણનો સાથે પુણ્ય ઉપર પુણ્યાઢ્ય ચરિત્ર, રાત્રિભોજન ત્યાગ અને આદર, બારવ્રત, રોહિણી આદિની અનેક સુંદર, રોચક, રસપ્રદ, આહ્લાદક કથાઓ આપેલી છે, કે જેમાંની એક કથા પૂરી થતાં બીજી વાંચવા મન લલચાય છે અને પૂરી કરવા ઉત્સુકતા થાય છે. તે તમામ કથાઓ ઉપર ગ્રાહ્ય અને સુંદર ઉપદેશ પણ સાથે આપેલ છે. પ્રભુના ત્રણ ભવોના-જીવનના નહિ પ્રગટ થયેલ જાણવા જેવાં અનેક પ્રસંગો અને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી પ્રભુએ સ્થળે સ્થળે વિચરી આપેલ વિવિધ વિષયો ઉપર આદરણીય દેશનાઓ એ તમામ આ ગ્રંથમાં આપવામાં આવેલ છે.

એકંદરે આ ચરિત્ર પહેલેથી છેલ્લે સુધી મનનપૂર્વક વાંચવા જેવું અને પઠનપાઠનમાં નિરંતર ઉપયોગ કરવા યોગ્ય છે, જેને માટે વિશેષ લખવા કરતાં અનુભવ કરવા જેવું છે.

**કિંમત રૂ. ૨-૮-૦ પોસ્ટેજ જુદું.**

(આ ગ્રંથ માટે મુનિમહારાજાઓ વગેરેના જે સુંદર અભિપ્રાયો મળે છે તેની નોંધ માસિકમાં આપવામાં આવે છે.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક : ૩૯ મું : આત્મ- સં. ૪૬ : વીર સં. ૨૪૬૮ : ફાલ્ગુન :
અંક : ૮ મો : વિક્રમ સં. ૧૯૯૮ : માર્ચ :

## પ્રભુનું ગાન.

[તર્જ-પીયુ પીયુ બોલ.]

મીઠું મીઠું બોલ, મીઠું મીઠું બોલ;
ગાન પ્રભુનું મીઠું મીઠું બોલ-મીઠું.
તેરે ગાન કીયે દીલડામેં, આજ હુએ આનંદ અજોડ. ગાન. ૧
ઝટપટ ભજમન ધૂન લગાદે, તુઝે વસનકા ધામ બતાદે;
ઇશકા ધામ સજાવટ શંકર, યશકા કોડ કહા કરજોડ. ગાન. ૨
તનમન વીરજિન નામ પુકારે, કરે અંતરકા ધ્યાન તુમારે;
જિનકા ગાન ભલા ભયભંજન, સુખકા બોલ સુના અણમોલ. ૩

—સુયશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રભુ મહાવીર પંચકલ્યાણક મહિમા (રાસ)

( આવો રબારણુ હો મારે નેસલડે–એ રાગ )

ગોરી દેવાંગના હો ઘેલડી રાસે રમંતી,
વાગંતી ઘુઘરી મધુરી ચરણુમાં હો રાસે રમંતી. ધ્રુવ

પ્રાણુત દેવલોક સ્થાનથી બ્હેનડી આવીયા મહાવીર,
આષાઢ શુકલ ષષ્ટીદિને, દેવાંગના હો રાસે રમંતી. ૧

ક્ષત્રિયકુંડમાં હો બેનડી જન્મ્યા મહાવીર,
માતપિતા હર્ષ પામ્યાં દેવાંગના હો રાસે રમંતી. ૨

(ક્ષણુ) નારકી પ્રકાશ્યાને, ઇન્દ્ર સૌ અભિષેકે મહાવીર,
મેરુહિલોળી સુર સંતોષ્યા, દેવાંગના હો રાસે રમંતી. ૩

ચૈત્ર સુદ તેરસે વર્ધમાન નામથી જાણ્યા મહાવીર,
શૌર્યથી મહાવીર ગણાયે, દેવાંગના હો રાસે રમંતી. ૪

પત્ની યશોદા સંગમાં, વિરક્ત ભોગ માણ્યા મહાવીર,
અંતરમાં જ્ઞાનદીપ જાગ્યો, દેવાંગના હો રાસે રમંતી. ૫

સુવર્ણદાનથી દીનને, વર્ષીદાન દેતા મહાવીર,
દારિદ્રય દીનનાં હઠાવ્યા, દેવાંગના હો રાસે રમંતી. ૬

દીક્ષા ગ્રહીને રે, તારવું જગને મહાવીર,
નંદિવર્ધન આંસુ સારે, દેવાંગના હો રાસે રમંતી. ૭

બંધુ રીઝાવી હોંસથી, વનવાટ લીધી મહાવીર,
રાગ દ્વેષ મોહને હઠાવ્યા, દેવાંગના હો રાસે રમંતી. ૮

માર્ગશીર્ષ ને કૃષ્ણુપક્ષમાં દિન છે દશમનો મહાવીર,
દીક્ષા અમૂલી ધારી, દેવાંગના હો રાસે રમંતી. ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહં વિસાર્યું અંતરે ઉચ્ચરે સામાયિક મહાવીર,
ચારિત્ર ભાવના વિકાસી, દેવાંગના હો રાસે રમંતી. ૧૦
ઋજુવાલિકાને કાંઠડે વૈશાખ સુદ દસમે મહાવીર,
વર્યા કેવળજ્ઞાન સ્વામી, દેવાંગના હો રાસે રમંતી. ૧૧
દિવ્ય જ્ઞાનના પ્રભાવે વિશ્વને ઉધ્ધાર્યું મહાવીર,
મહાનંદ પામ્યા પમાડ્યો, દેવાંગના હો રાસે રમંતી. ૧૨
અખંડ દેશના અંતની પ્રહર સોળકેરી મહાવીર,
પુણ્ય પાપ અધ્યયનો પ્રકાશ્યાં દેવાંગના હો રાસે રમંતી. ૧૩
અમાસ કાર્તિકીના દિને નગરી અપાપા મહાવીર,
નિર્વાણ બોધતાં જ પામ્યા, દેવાંગના હો રાસે રમંતી. ૧૪
દ્રવ્ય ઉદ્યોતના દીપકો, ગણરાજ યોજે મહાવીર,
રત્નદીપ દેવો પ્રગટાવે, દેવાંગના હો રાસે રમંતી. ૧૫
દીપાવલી દિન ઉજવો પ્રસિધ્ધ વિશ્વ બધે મહાવીર,
ગૌતમ કેવળ પામ્યા, દેવાંગના હો રાસે રમંતી. ૧૬
અંતરમાં ભાવના દર્શની, દાસને પ્યારા મહાવીર,
હૈયામાં ઝંખના પ્રભુની, દેવાંગના હો રાસે રમંતી. ૧૭
કલ્યાણક પંચ મહાવીરનાં અજિત પદ માટે મહાવીર,
હેમેન્દ્ર હર્ષથી ગજાવો દેવાંગના હો રાસે રમંતી. ૧૮

## વીરકા ધ્યાન.

[ તર્જ—ચલ ચલ રે નવજવાન ]

તન મનસેં તું લગાવ. વીરકા પ્યારા ધ્યાન ધ્યાન. મન૦
જૂઠ માયાજાલ, ઔર ભમે કાલ;
ઈતની તું સમજણ, લે કે જાના શરણ,
ચૂકના તેરા ધર્મ નહિ, જપના પ્રભુ નામ. તન૦ ૧
તું માયાસેં બચેજા, આપતસેં હઠેજા;
જીવનકા તું સુકાન, 'સુયશ' કરો કલ્યાણ. ચુકના૦ ૨

—સુયશ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રચનાર અને વિવેચનારઃ-ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા.

# શ્રી સિદ્ધસ્તોત્ર.

( ગતાંક પૃષ્ઠ ૧૫૭ થી શરૂ. )

**પ્રકારાંતરે સિદ્ધ નામનું યથાર્થપણું બતાવે છેઃ-**

વસંતતિલકા વૃત્ત-

**નિષ્પન્ન ધાન્ય થયું સિદ્ધ યથા કથાય,**
**નિષ્પન્ન રૂપ નિજ સિદ્ધ થયું તથા ચ;**
**તેથી કૃતાર્થ અભિધા અરથાનુસારે,**
**તે સિદ્ધના ચરણ હો શરણું અમારે ! ૩**

**શબ્દાર્થઃ-નિષ્પન્ન-પાકેલા ધાન્યને જેમ 'સિદ્ધ થયું' એમ કહેવામાં આવે છે, તેમ જેનું નિષ્પન્ન થયેલું નિજરૂપ સિદ્ધ થયું એમ કહેવાય છે; અને તેથી કરીને જે 'સિદ્ધ'-કૃતાર્થ એવું અર્થાનુસારી યથાર્થ નામ ધારણ કરે છે એવા તે સિદ્ધના ચરણ અમને શરણરૂપ હો !**

**વિવેચન**-નિષ્પન્ન થયેલું-પાકેલું-પરિણુત થયેલું ધાન્ય સિદ્ધ થયું એમ કહેવાય છે. એક વાર પરિપક્વ થયા પછી જલસિંચન આદિ કોઇપણ ક્રિયા-પ્રક્રિયાઓની આવશ્યકતા રહેતી નથી. 'નિષ્પન્ન શાલિવાળા વનથી શોભતા જીવલોકમાં જલભારથી નમેલા જલધરોનું કામ શું ?'

**" निष्पन्नशालिवनशालिनि जीवलोके,**
**कार्यं कियज्जलधरैर्जलभारनम्रैः ? ।"** **શ્રી ભક્તામરસ્તોત્ર.**

આમ પરિપાકરૂપ તેનું કાર્ય પર્યાપ્ત થયું છે, એટલે કોઇ કાર્ય અવશિષ્ટ નહિં રહ્યું હોવાથી તેની કૃતકૃત્યતા થઇ છે અને એક વાર નિષ્પન્ન થયેલું ધાન્ય, પુનઃ અનિષ્પન્નપણું પામે એમ કોઇએ કદી દીઠું કે સાંભળ્યું નથી; એટલે કે તેની નિષ્પન્ન અવસ્થિતિમાં કોઇકાળે ફેર પડતો નથી.

તે જ પ્રકારે સિદ્ધ ભગવાનને નિજરૂપ નિષ્પન્ન થયું છે, પરિપક્વ સ્વરૂપે પરિણુત થયું છે, સિદ્ધ થયું છે, અને એક વાર તે પરિણુત સ્વરૂપ નિષ્પન્ન થયું, એટલે પછી તથારૂપ પરિણુતિની સાધના માટે કોઇપણ સાધનરૂપ ક્રિયા-પ્રક્રિયાનો અવકાશ રહેતો નથી. પરદ્રવ્યથી વિયુક્ત એવા સ્વદ્રવ્યની સિદ્ધિરૂપ અભીષ્ટ કાર્ય પરિપૂર્ણ થતાં, કંઇ પણ કર્ત્તવ્ય બાકી રહેતું નથી.

આમ કૃતકૃત્યપણું સિદ્ધ થયું હોવાથી, 'સિદ્ધ' નામની સાર્થકતા જણાય છે. અને એ કૃતકૃત્યપણું થયા પછી કોઇ કાળે સ્વરૂપાન્તર થતું નથી, નિષ્પન્ન પરિણુતિમાં ફેર પડતો નથી, કૃતાર્થ-નિષ્ઠિતાર્થ એવા સિદ્ધની સદાકાળ-સાદિ અનંત ભાંગે-તેમજ અવસ્થિતિ રહે છે; શુદ્ધ ચેતનાને સિદ્ધ-રૂપ પ્રિયતમનો સંગ થયા પછી, તેનો સંગ કદી છૂટતો નથી, કદી વિરહદુઃખ અનુભવવું પડતું નથી.

**" રીઝયો સાહેબ સંગ ન પરિહરે રે,**
**ભાંગે સાદિ અનંત "—શ્રીમાન્ આનંદઘનજી.**

**" निष्ठितार्थमजं नौमि परमात्मानमव्ययम् । "**

**—શ્રી શુભચંદ્રાચાર્યજીકૃત જ્ઞાનાર્ણવ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" तं जिनसिंहं कृतकरणीयं मल्लिमशल्यं शरणमितोऽस्मि ।"

-શ્રી સમંતભદ્રાચાર્યજીકૃત બૃહત્સ્વયંભૂ સ્તોત્ર.

**" સાદિ અનંત અનંત સમાધિ સુખમાં,**
**કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો-**
**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ? " —શ્રીમદ્ રાજચંદ્રજી.**

આમ કૃતકૃત્ય એવા શ્રી સિદ્ધના ચરણનું અમને શરણ હો !

**હવે સિદ્ધનું સચ્ચિદાનંદપણું વર્ણવે છે:—**

**આનંદના જ ઘન ચિદ્દઘન સત્સ્વરૂપી,**
**વિશ્વસ્વરૂપ નિરૂપે પણ જે અરૂપી;**
**અત્યક્ષ અક્ષર જ જે ગત જન્મપારે,**
**તે સિદ્ધના ચરણ હો શરણું અમારે ! ૪**

**શબ્દાર્થ:**—જે આનંદના જ ઘન છે. ચિદ્દઘન છે, સત્ સ્વરૂપી છે; જે અરૂપી છતાં વિશ્વસ્વરૂપને નિરૂપે છે અને જે અતીંદ્રિય, અક્ષર (અવ્યય) અને જન્મનો પાર પામેલા-અજન્મા છે,-એવા તે સિદ્ધના ચરણનું અમને શરણ હો !

**વિવેચન**—અત્રે ભગવાનનું આનંદઘનપણું, ચિદ્દમયપણું, સત્સ્વરૂપપણું ઇત્યાદિ બતાવવામાં આવ્યું છે. તે અનુક્રમે વિવેચીએ.

## આનંદઘન.

ભગવાન્ સિદ્ધ **આનંદઘન** છે, આનંદ, આનંદ અને આનંદ-એ સિવાય બીજું કંઇ નહિં એવા છે. ઘન એટલે નક્કર વસ્તુ (Solid),—જેને લંબાઇ, પહોળાઇ અને ઊંચાઈ એ ત્રણ મર્યાદાવિસ્તાર ( Dimensions ) હોય છે, તેને ઘન ( cube ) ભૂમિતિશાસ્ત્રમાં કહે છે. જેમકે લોઢાનો ટુકડો, તે ઉકત ત્રણે વિસ્તારમાં લોહ, લોહ અને લોહ જ છે, સર્વપ્રદેશે તે લોહમય જ છે, અથવા તો મીઠાનો ગાંગડો, તે ત્રણે વિસ્તારમાં મીઠું, મીઠું અને મીઠું જ છે, સર્વપ્રદેશે તેનો આસ્વાદ લવણમય જ છે.

" सर्वतः सैन्धवं खिल्यमर्थादेकरसं स्वयम् ।"

**-શ્રી. અમૃતચંદ્રાચાર્યકૃત પંચાધ્યાયી.**

તે જ પ્રકારે શ્રી સિદ્ધ ભગવાન્ પણ આનંદના જ ઘન છે, આનંદ, આનંદ અને આનંદમય જ છે, એમના સમસ્ત પ્રદેશે પરમ આનંદલહરીની જ અનુભૂતિ થાય છે. પરમતત્ત્વરંગી **મુનિવર્ય દેવચંદ્રજી** પ્રકાશે છે-

" શ્રી સુપાસ આનંદમેં, ગુણ અનંતનો કંદ, હો જિનજી !
જ્ઞાનાનંદે પૂરણો રે, પવિત્ર ચારિત્રાનંદ હો જિનજી !

અને તે આનંદ કેવો છે ?—

" એકાન્તિક આત્યંતિકો, સહજ: અકૃત સ્વાધીન, હો જિનજી !
નિરુપચરિત નિર્દ્વંદ્વ સુખ, અન્ય અહેતુક પીન, હો જિનજી !
" એક પ્રદેશે તાહરે, અવ્યાબાધ સમાય, હો જિનજી !
તસુ પર્યાય અવિભાગતા, સર્વાકાશ ન માય, હો જિનજી ! "

જુઓ, દેવચંદ્રજી **ચોવીશી,સ્વોપજ્ઞટીકા.**

"આનંદઘન પદ રેખ"-**શ્રી. આનંદઘનજી.** ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લે:-આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

# ધર્મ સ્વરૂપ.

**ધર્મ** એટલે વસ્તુસ્વભાવ. દરેક વસ્તુમાં ધર્મ રહેલો હોય છે. તે ધર્મદ્વારા વસ્તુ ઓળખાય છે. વસ્તુ ધર્મી છે અને તે વસ્તુને ઓળખાવનાર અસાધારણ ગુણ તે ધર્મ કહેવાય છે. સાકર ધર્મી છે અને તેમાં રહેલો અસાધારણ મીઠાશ ગુણ તે ધર્મ છે. સાધારણ ગુણ ધર્મ ન થઈ શકે. સાકરમાં સાધારણ ગુણ કઠીનતા તથા શ્વેતતા છે, પણ તે ગુણો સાકરના જ નથી. પત્થર તથા ફટકડી વિગેરેમાં પણ કઠોરતા તથા શ્વેતતા આદિ ગુણો રહેલા હોય છે માટે તે અસાધારણ ગુણો ન કહેવાય.

આવી રીતે આત્મા ધર્મી અને જ્ઞાનાદિ ધર્મ, ઉષ્ણતા ધર્મ અને અગ્નિ ધર્મી, શીતતા ધર્મ અને પાણી ધર્મી. આ પ્રમાણે વસ્તુ માત્રમાં રહેલો અસાધારણ ગુણ તે ધર્મ કહેવાય છે.

અનંત ધર્મવાળી જે વસ્તુ કહેવાય છે તે પર્યાયોને આશ્રયીને કહેવામાં આવે છે. દ્રવ્ય માત્રમાં પ્રત્યેક સમયે પરિવર્તન થયા કરે છે. આ પરિવર્તનો પર્યાયોના નામે ઓળખાય છે અને એને જ લક્ષમાં રાખીને અનંત ધર્મવાળી વસ્તુ કહેવાય છે.

સંસારમાં જેવો જેવો અધિકારી હોય તે પોતપોતાના અધિકાર પ્રમાણે પ્રવૃત્તિ કરે તે પોતાની ફરજ બજાવવારૂપ ધર્મ કહેવાય છે. ધર્મ વસ્તુ જ એવી છે કે તે માન્યતાગ્રાહ્ય કે કલ્પનાગ્રાહ્ય થઈ શકતી જ નથી, જેમકે કોઇ કલ્પના કરે અથવા માની લે કે અગ્નિ શીતલ છે અને તે તપેલાને શાન્તિ પમાડે છે; પાણી બાળે છે; આત્મા જ્ઞાનશૂન્ય છે વિગેરે વિગેરે. આવા પ્રકારની કોઈ કલ્પના કરે કે માન્યતા ધરાવે તો તેનો આશરો લેવાની સર્વથા આવશ્યકતા નથી, કારણ કે આ કલ્પનાઓ તથા માન્યતાઓ ખોટી છે. કોઈ અપેક્ષાને લક્ષમાં રાખીને જો એમ કહેતો હોય તો તે અમુક અંશે સત્ય હોવાથી ગ્રાહ્ય થઇ શકે; નહિ તો આબાળગોપાળ પ્રસિદ્ધ વસ્તુ સ્વભાવધર્મમાં મતભેદનો અભાવ હોવાથી અમુક અમુક કાર્ય પ્રસંગે અમુક અમુક ધર્મસ્વરૂપ ધર્મીનો આશરો લેવો પડે છે. ઉષ્ણતાની આવશ્યકતા હોય તો અગ્નિ, મીઠાશની આવશ્યકતાવાળાને સાકર તેવી જ રીતે અન્યાન્ય ધર્મની આવશ્યકતાવાળાને અન્યાન્ય દ્રવ્યનો આશરો લેવો પડે છે અથવા તો બાળવાની આવશ્યકતાવાળાને ઉષ્ણતાધર્મ, ઠંડકની ઇચ્છાવાળાને શીતળતાધર્મ ઈત્યાદિ સર્વમાન્ય તથા મતભેદશૂન્ય ધર્મનો આશ્રય ઇચ્છિત કાર્ય સાધવા લેવો જ પડે છે, અને તે તે ધર્મોનો આશ્રય લેવાથી તે પોતાનું કાર્ય સાધી શકે છે. જ્ઞાનધર્મનો આશ્રય લઇને વસ્તુસ્થિતિનું ભાન કરી શકે છે તથા સુખશાંતિ અને મુક્તિ મેળવી શકે છે. હવે આ સ્થળે વિચારવાની એટલી જ જરૂરત છે કે ધર્મ શબ્દનો પ્રયોગ ઘણે સ્થળે કરાતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોવામાં આવે છે. જેમકે પતિધર્મ, ક્ષત્રિય-ધર્મ વિગેરે વિગેરે. ઉપર બતાવેલ ધર્મ શબ્દ તો આવા સ્થળોએ જોડાઇ શકતો નથી પરંતુ ફરજ જે ધર્મનો અર્થ થાય છે તે ધર્મ શબ્દ આવા સ્થળોએ જોડાઇ શકે ખરો.

પતિનો અધિકાર ધરાવનાર વ્યક્તિએ પત્ની સાથે વર્તવાના નિયમોને અનુસરવું તે પતિધર્મ કહેવાય છે. ક્ષત્રિયપદ ધારણ કરનારે દુ:ખી, નિરાધાર તથા પીડાતાઓનું રક્ષણ કરવું તે ક્ષત્રિયનો ધર્મ કહેવાય છે. આવી જ રીતે માતા, પિતા, પુત્ર, રાજા આદિના પણ ધર્મ તેમની ફરજોને આશ્રયીને કહેવાય છે. ગૃહસ્થધર્મ અને સાધુધર્મમાં કાંઇક ફરક રહે છે. પૂર્વે બતાવેલ ધર્મોને આત્મધર્મના સાથે કાંઇપણ સંબંધ નથી. નીતિના સાથે સંબંધ કહી શકાય. સંસારવ્યવહારને આશ્રયીને જ એ ધર્મોની પ્રવૃત્તિ થઇ હોય તેમ લાગે છે. અને એ સર્વ ધર્મોમાંથી કેટલાક પુણ્યકર્મના ઉત્પાદક હોવાથી અમુક અંશે ધર્મના સાધન માની તેમાં ધર્મનો ઉપચાર થાય છે અને તેથી કરીને ઔપચારિક ધર્મ કહી શકાય.

ગૃહસ્થધર્મ તથા સાધુધર્મ દેશવિરતિ તથા સર્વવિરતિને આશ્રયીને જ ક્રિયાના રૂપમાં મૂકાય છે. તે ઔપચારિક ધર્મ કહેવાય છે. વાસ્તવમાં—પરમાર્થથી આત્મધર્મ તો આત્માની નિષ્કર્મતાથી ઉત્પન્ન થયેલી પરમ વિશુદ્ધ પરમાત્મદશા જ છે.

સંસારવ્યવહારને આશ્રયીને ગૃહસ્થધર્મ તે ગૃહસ્થમાં રહેલ વ્યક્તિની ફરજરૂપ છે. ગૃહસ્થની ઝુંસરી ગળામાં નાખનાર વ્યક્તિએ સંસારની જનતા સાથે ગૃહસ્થના નિયમાનુસાર વર્તવું તે ગૃહસ્થધર્મ વ્યવહારિક કહેવાય છે.

ધર્મના વિભાગો પડી શકતા નથી પણ ધર્મના સાધનોના વિભાગો પડી શકે છે, આત્માની વિશુદ્ધ પરમાત્મદશામાં કોઇનો પણ મતભેદ નથી, પરન્તુ પરમાત્મદશા પ્રાપ્ત કરવાના ધર્મના વ્યાપારોમાં મતભેદ રહે છે. પૈસા મેળવવાના સાધ્યમાં તો કોઇનો પણ મતભેદ નથી, પરન્તુ પૈસા મેળવવાના સાધન—વ્યાપારમાં મતભેદ પડે છે. કોઇ અમુક વ્યાપારને પૈસા પ્રાપ્ત કરવાનું સાધન માને છે ત્યારે કોઇ તેનાથી ભિન્ન અમુક વ્યાપારને તેનું સાધન માને છે. જેવાં કે ઝવેરાત, કાપડ, સોનાચાંદી, અન્ન, કરિયાણું વિગેરે વિગેરે. સર્વત્ર સ્થળે સાધ્યને અનુકૂળ સાધન હોય તો જ સાધ્ય સિદ્ધ થઇ શકે છે.

પ્રતિકૂળ સાધનથી સાધ્ય સિદ્ધિ થઇ શકતી નથી. આત્માને દોષમુક્ત કરવા નિર્દોષ સાધનોની અત્યાવશ્યકતા રહે છે. સદોષ સાધનોનો ઉપયોગ કરીને કોઇપણ નિર્દોષ બની શકતું નથી, માટે જ આત્મા વિશુદ્ધિ, પરમાત્મદશા, મુક્તિપદ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળાએ દોષોને સારી રીતે જાણીને નિર્દોષ સાધનોનો ઉપયોગ કરવો જોઇએ.

સંસારમાં દોષોનાં કેન્દ્ર કષાય તથા વિષયાસક્તિ છે. જે સાધનોમાં કષાય તથા વિષયાસક્તિ રહેલાં છે તે શાશ્વત ધર્મના સાધન બની શકતાં જ નથી. પ્રાણીવધાદિનો પણ કષાય તથા વિષયાસક્તિમાં સમાવેશ થઇ જાય છે. દેવીદેવલાંને અપાતાં પ્રાણીઓનાં બલિદાનો પણ વિષયાસક્તિને લક્ષીને જ હોય છે. પરમાત્માની વિશુદ્ધ ઉપાસના સિવાયની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસારમાં જેટલી ઉપાસનાઓ છે તે સઘળી કેવળ વિષયાસક્તિને માટે જ કરાય છે.

કોઇપણ દેવી કે દેવતાની આગળ પ્રાણીનો વધ કરે છે તે વધ કરનારની જેના આગળ વધ કરાય છે તે દેવ તથા દેવીને પ્રસન્ન કરીને ધન, જીવન, સ્ત્રી આદિ વસ્તુઓ મેળવવાની ઇચ્છા હોય છે અથવા તો શત્રુના વિનાશની, કોઇને વશ કરવાની કે પોતાના કાર્યમાં આડા આવનારને દૂર કરવાની ભાવના હોય છે; માટે તે બલિદાન ધર્મનું સાધન હોઈ શકે જ નહિ. કેટલાક પૂણ્યકર્મ માટે યજ્ઞાદિમાં પશુવધ કરે છે પણ તે પુણ્યકર્મનું સાધન જ નથી. "परोपकारश्च पुन्याय, पापाय परपाडनं" નીતિ પણ આમ જ કહે છે કે પરોપકારથી પુન્ય થાય છે અને પરને પીડા આપવાથી પાપ થાય છે માટે જેઓ પુણ્યને માટે પ્રાણીઓનો વધ કરે છે તે સર્વથા ધર્મનું વિકળ સાધન છે; એટલું જ નહિ પણ પુણ્યનું પણ વિકળ સાધન છે માટે જે દેવીદેવતાઓને બલિદાન આપવામાં ધર્મ માને છે તે વાસ્તવિક ધર્મને સમજતા જ નથી, પરંતુ તેમના કુળનો ધર્મ હોય તો ના ન કહેવાય.

જ્યાં આત્માની પરમાત્મદશા પ્રગટ કરવાનો આશય હોય છે ત્યાં પ્રાણીવધનો સર્વથા નિષેધ છે અને કોઈ પરમાત્મદશા પ્રાપ્ત કરવા પ્રાણીવધ કરે તો તે સર્વથા અજ્ઞાની જ છે. અને તેનો પ્રયત્ન વિષપાન કરીને જીવવાને ઇચ્છિવા જેવું છે. આ લોકનાં વિષયાદિ સુખોને માટે કદાચ તેનો પ્રયત્ન પ્રારબ્ધ અનુસાર સફળ થવામાં દેવીદેવલાં નિમિત્તભૂત થઇ શકે ખરાં; પરંતુ વિશુદ્ધ ધર્મ કે ઔપચારિક પુણ્યધર્મના માટે તો તે પ્રયત્ન સર્વથા નિષ્ફળ જ છે એટલું નહિ તેના આત્માના માટે તો અત્યંત અનિષ્ટ છે, અનેક યાતનાઓનો ઉત્પાદક છે.

જે વાસ્તવિક ધર્મ છે તે તો સર્વને એક સરખો જ માન્ય છે માટે પોતે માની લીધેલો ધર્મ તે ધર્મ કહી શકાય નહિ. ધર્મ તો વસ્તુનો ગુણ છે. તેમાં માનવાપણું કે ન માનવાપણું એવો કાંઇ મતભેદ રહેતો નથી. પોતાની માન્યતાનો ભેદ ધર્મના સાધનવ્યાપારમાં પડી શકે છે, માટે વાસ્તવિક ધર્મને સમજીને તેને પ્રગટ કરવા પોતે જે કાંઇ વેપાર કરી રહ્યો હોય અને અન્ય વ્યક્તિ સમજપૂર્વક વિશુદ્ધ ધર્મ પ્રગટ કરવા સાનુકૂળ અન્ય વ્યાપાર કરી રહ્યા હોય તો તે કાંઇ અધર્મનો વ્યાપાર કહેવાય જ નહિ, અને તેનો નાશ કરવાની કે તેને હરાવવાની ભાવના વિશુદ્ધ ધર્માવલંબીને હોય જ નહિ પરંતુ વિશુદ્ધ સાધ્ય સાધવામાં કદાચ કોઇ વ્યક્તિ વિકળ સાધનનો ઉપયોગ કરતો અનુકૂળ સાધનના ઉપયોગ કરતાને જણાય તો તે હિતબુદ્ધિથી વિકળ સાધનવાળાને અનુકૂળ સાધનનો ઉપદેષ્ટા થઈ શકે છે. વિશુદ્ધ સાધ્ય તેમજ વિશુદ્ધ સાધનવાળાને ઇર્ષા, વિરોધ કે અહંતા પીડી શકતા જ નથી. હરાવવાની કે નાશ કરવાની જેની બુદ્ધિ થાય છે તે ધર્મથી સર્વથા અજ્ઞાન છે. તેણે ધર્મને ઓળખ્યો જ નથી. કદાચ કોઇક પુસ્તકમાં વાંચ્યો હશે કે કાને સાંભળ્યો હશે પણ તેથી કાંઇ તે ધર્મના જ્ઞાતા કહી શકાય નહિ. તેનાથી તો જડસ્વરૂપ પુસ્તક વધી જાય છે, કારણકે પુસ્તક રાગદ્વેષ રહિત થઇને અનેકને બોધ થવામાં નિમિત્તભૂત થાય છે.

અનાદિ કાળથી સંસારસરિતાનાં પ્રબળ વેગથી વહેતા કષાય તથા વિષયરૂપ પ્રવાહના સન્મુખ પૂરે-વીર્યબળપૂર્વક સરિતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂરમાંથી કાંઠે આવી જવું તે ધર્મ. આત્માના અનંતજ્ઞાન, દર્શન, વીર્ય, સુખ આદિના ભોક્તા બનવું તે ધર્મ, અને વર્ણ, ગંધ, રસ તથા સ્પર્શ આદિના ભોક્તા બનવું તે અધર્મ. (ભોક્તા એટલે તે તે ધર્મમાં વૃત્તિની સ્થિરતા--આસક્તિ). મહિનાઓ સુધી અન્નજળ છોડી દઈને જેઠ મહિનાના પ્રખર તાપથી તીવ્ર તપી ગયેલા રેતમાં નગ્ન શરીરે આતાપના કેમ ન લેતો હોય, સહસ્ર અગ્નિના કુંડો બનાવી તેની વચમાં બેસીને આતાપના કેમ ન લેતો હોય, શીતકાળની હિમમિશ્રિત સખ્ત શરદીમાં જળાશયમાં ઊભો રહીને શીત આતાપના કેમ ન લેતો હોય, સંસ્કૃત પ્રાકૃત આદિ ભાષાઓમાં લખેલાં પુસ્તકો વાંચીને આત્માની, જડની, કર્મની, સંસારની તેમજ મોક્ષ આદિની વાતો કરીને તત્ત્વજ્ઞાની જેવો કેમ ન દેખાતો હોય, બબ્બે મહિના સુધી અન્નજળ ત્યાગીને મોટો તપસ્વી કેમ ન બન્યો હોય, સંસારની સઘળી સંપત્તિ છોડી દઈને એકાંતે નિર્જન સ્થળમાં કેમ ન વસતો હોય પરંતુ જ્યાંસુધી તેની મનોવૃત્તિ વર્ણ, ગંધ, શબ્દ તથા સ્પર્શ આદિ જડ ધર્મમાં વીખરાયેલી રહે છે, અતિશય આ-સક્તિવાળી રહે છે તો તે અધર્મ સેવે છે, માટે તે અધર્મી કહી શકાય. અને સર્વ જડ અધર્મોથી નિવૃત્ત થઈને આત્મધર્મ જ્ઞાનાદિમાં રમણ કરતી હોય તો ભલે તે પછી બાહ્યથી કોઈપણ વસ્તુનો ત્યાગી ન હોય અથવા તો ગમે તેવા કપડામાં વિચરતો હોય તો તે પણ ધર્મી કહી શકાય છે, માટે અમુક બાહ્ય પ્રવૃત્તિ માત્રનું નામ ધર્મ નથી તેમ અધર્મ નથી. ઉપયોગમાં ધર્મ છે અને ઉપયોગ-શૂન્યતામાં અધર્મ છે. બાકી તો સંસારમાં મનુષ્યોએ કલ્પના કરેલા ધર્મ--અધર્મથી કાંઈપણ હિતાહિત થઈ શકતું નથી.

## મુનિનું સ્વરૂપ—

જે મહાત્માઓનું મન ઇંદ્રિયોના વિષયમાં આસક્ત થતું નથી, કષાયોથી વ્યાપ્ત થતું નથી, જે (મન) રાગદ્વેષથી મુક્ત રહે છે, જેણે પાપકાર્યોને શાંત પમાડ્યાં છે, જેણે સમતાવડે અદ્વૈત સુખ પ્રાપ્ત કર્યું છે અને જે ભાવના ભાવતું ભાવતું આત્મસંયમના ગુણોરૂપી ઉદ્યાનમાં હંમેશા ખેલે છે, આવા પ્રકારનું જેમનું મન થયેલું છે તે મહામુનીશ્વરો આ સંસાર તરી ગયા છે અને તેઓને અમે નમસ્કાર કરીએ છીએ.

**સુભાષિત પદ્યરત્નાકર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## कृत्रिमता ( ડોળ—દંભ ) વિષે

# श्वानोक्ति.

वसंततिलका वृत्त.

आबद्ध कृत्रिमसटा जटिलांस भित्ति,
रारापितो मृगपतेः पदवीं यदि श्वा ।
मत्तेभकुम्भतटपाटनलम्पटस्य,
नादं करिस्यति कथं हरिणाधिपस्य ॥ १ ॥

આ જગતમાં જ્યાં જુઓ ત્યાં કૃત્રિમતા એટલી બધી વધી પડી છે કે, ઘણા ભોળા-ભલા અને બારિકતાથી નિરક્ષણ નહીં કરનારાઓ એવા દાંભિક દેખાવોથી છેતરાય છે. તેની આ અન્યોક્તિ બોધક છે.

એક શ્વાનને કોઇએ મૃગરાજ ( સિંહનું ) ચિત્રવિચિત્ર ચટાપટાવાળું ભભકાદાર ચામડું ઓઢાડીને સિંહ સમાન દેખાવમાં ખડો કર્યો હતો, તેને કોઇ વિચક્ષણ અવલોકનહારે જોયો, અને તેને સંબોધ્યો કે-હે શ્વાન ! મૃત સિંહનું ચામડું ઓઢી ભલે તેં સિંહનો સ્વાંગ સજ્યો હોય, અને તારું આવું વનરાજનું સ્વરૂપ દેખી પશુ-પંખીઓ અને ઇતર પ્રાણીઓ ભય પામી ભાગતાં હોય, અને આ આડંબરથી ભલે તું ગર્વિષ્ઠ અન્યો હો, પણ હે શ્વાન, એ તારી કૃત્રિમ ગૌરવતા કયાં સુધી ટકી શકશે ? જ્યારે તારા પાસેથી મત્તગયંદ ( મદોન્મત્ત હસ્તિ ) પસાર થશે ત્યારે તેનાં કુંભસ્થળ ભેદવાની જેનામાં કુદરતબક્ષીશ બળ-ચાતુર્ય હોય છે એવા પશ્વાધિપતિ કુંજરમાં જે આકાશપર્યંત અને સકળ વનવાટિકાને ગર્જાયમાન કરનારી ભવ્ય ગર્જના-ભયંકર ત્રાડ મારવાની શક્તિ હોય છે તે તું કયાંથી લાવવાનો હતો ? એ જ સમયે પરીક્ષા થઇ જશે કે સિંહ તે સિંહ અને તું તો ભષક્ શ્વાન ! ! !

આ અન્યોક્તિ જગતવ્યવહારમાં પણ લાગુ પડે છે.

સાચી શક્તિ અથવા સ્વભાવજન્ય-કુદરતી બળ; અને એ શક્તિ માટે ઊભો કરેલો દાંભિક વેશ, એ બેમાં જમીન આસમાનનો તફાવત છે.

પ્રભુને સાનિધ્ય લાવનારી જે અજબ-અનોખી ચીસ ( આર્ત્તનાદ ) ગજેન્દ્રે પાડી હતી.

લજ્જા જવાની અણી પર આવેલી તકે જે પોકાર ( પ્લુતોચ્ચાર ) કૃષ્ણા ( દ્રૌપદીએ ) દિશાઓને ભેદી નાખનારી આતુરતાથી કર્યો હતો.

વિગેરે વિગેરે સાચી શક્તિનાં પ્રમાણોનાં અનેક દૃષ્ટાંતોથી સર્વધર્મનાં પુસ્તકો મોજુદ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભક્તિના કૃત્રિમ વેશો, દંભી દેખાવો, નાટકીય પૂજાઓ, સ્તવનો-ભજનો એ વિગેરે આડંબરી ક્રિયાઓ સત્યને શોધી શકતી નથી, માટે જ શાસ્ત્રો તમામનો પ્રસિદ્ધ મુદ્રાલેખ એ જ છે કે—

**सत्यमेव जयते, नानृतं ।**

વસંતતિલકા

રે શ્વાન ! તું મન વિષે મગરૂર થા માં,
આ સિંહચર્મ ધરી આપગુણો તું ગા માં;
મોટા ગજેન્દ્રતણું મસ્તક છેદવાને,
ક્યાંથી કરી શકીશ ભવ્ય જ ગર્જનાને. ૧

આત્માને પ્રકાશમય રાખવાના પ્રયત્નોમાં અગ્રતા ધરાવનારા વહાલા વિવેકી વાચકવૃંદ ! આપણે પણ કૃત્રિમ દોષોથી અલગ રહેવા ઇચ્છીશું ખરા નાં ?

ભાવનગર-વડવા
તા. ૨૮-૨-૪૨ ભૃગુ

સત્ય સંશોધક-બોધક,
રેવાશંકર વાલજી બધેકા
ધર્મોપદેશક ઉ. કન્યાશાળા-ભાવનગર.

## જ્ઞાન અને ક્રિયા—

કેટલાક મનુષ્યો તત્ત્વને જાણે છે, પરંતુ તે પ્રમાણે કરવાને સમર્થ નથી, જેઓ કરવાને સમર્થ છે, તેઓ તત્ત્વને જાણતા નથી; માટે જેઓ તત્ત્વને જાણે અને તે પ્રમાણે કરવા સમર્થ હોય તેવા પુરૂષો લોકમાં કોઇક વિરલ જ હોય છે. જ્ઞાન, ભક્તિ, તપ, અને ક્રિયાનું જો કાંઇ પણ પ્રયોજન હોય તો તે એક જ છે; તે એ કે ચિત્તની સમાધિ થવાથી કર્મલેપનો નાશ થાય અને તેથી આત્માના ગુણનો પ્રકાશ થાય ઇંદ્રિયો અને મન જેને વશ ન હોય તેવા પુરૂષની ક્રિયા હાથીના સ્નાનની જેમ વ્યર્થ છે અને ક્રિયા રહિત જ્ઞાન પણ દુર્ભાગી માણસના આભૂષણની જેમ ભારરૂપ છે.

સુભાષિત પદ્યરત્નાકર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સં:-મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ.

# અજિત-સુક્તમાળા.

( ગત વર્ષના પૃષ્ઠ ૩૦૦ થી શરૂ )

(૮૧) ધર્મની કરણી કરે તે પંડિત છે, જે સત્ય વચન બોલે છે તે વાચાલ છે તથા જે મારતા જીવને ઉગારે છે તે દાતાર જાણવો.

(૮૨) ઉજમણા વખતે કેટલાક શ્રાવકો પાંચસેં પાંચસેં હજારો હજારો રૂપિઆના છોડ ભરાવી ઠામઠામ ઉજમણું કરે છે પણ પુસ્તકો પાંચ કે પંદર રૂપિઆનાં લાવે છે. આશ્ચર્યની વાત! "**જ્ઞાનાધારે**" સૌ કોઇ કામ બને છે તે જ્ઞાનનું તો ઠેકાણું નહિ ને અન્ય ઠાઠમાઠ?? પણ ખાસ સમજવું કે જ્ઞાનમાં વધારે ખર્ચ કરી પાંચસે રૂપિઆનું પુસ્તક લાવી મૂકવું ને તેથી વધારે ઉત્સુકતા માટે છોડો પણ સારા ભરાવવા, કારણ કે છોડ તે જ્ઞાનભક્તિના માટે છે. ઉજમણું તો જ્ઞાનાદિનું છે.

(૮૩) પૈસાદાર પોતાની કીર્તિ મેળવવા માટે બીજાં દેહરાસરો છતાં પણ નવીન દહેરાસર બંધાવે છે પણ શત્રુંજયાદિ જીર્ણ તીર્થોની સંભાળ ન લે તે કેટલું બધું અકથનીય! જીર્ણોદ્ધાર કરાવવામાં કેટલું બધું ઉગ્ર પુણ્ય છે તે ધ્યાનમાં રાખવું.

(૮૪) માતાપિતાઓની એ જ ફરજ છે કે બાળકને સારા સદ્ગુણો શિખવવા, વિદ્યાભ્યાસ સારો કરાવવો ને આનંદથી તેમનું ભરણપોષણ કરવું યોગ્ય છે. વિદ્યાદાન આપવું તે શ્રેષ્ઠ છે.

(૮૫) પોતાનાં છોકરાંને સુવર્ણાદિ ઘરેણાં પહેરાવ્યા કરતાં વિદ્યાલંકાર "**આભૂષણ**" "**વધારે પહેરાવવાં**" કારણ "**विद्यासमं नास्ति शरीरभुषणम्**" વિદ્યા સમાન અન્ય શરીરભૂષણ છે જ નહિ. ગમે તેટલાં ઘરેણાં તથા મોતીની માળાઓ પહેરો પણ સદ્ગુણથી વિમુક્ત અર્થાત્ વિદ્યા ન હોય તો તે શોભે નહિ. વિદ્યાદિ ગુણો જ્યાં સુધી પ્રાપ્ત નથી કર્યા ત્યાંસુધી રૂપાદિ ગુણો શા કામના છે? માટે સર્વોત્કૃષ્ટતામાં વધારે સદ્ગુણભૂષણ વિદ્યા જ છે. કારણ આભૂષણો ક્ષીણ છે ને વિદ્યાભૂષણ સર્વદા અક્ષય છે.

(૮૬) પંડિતોની સભામાં મૂર્ખાઓએ મૌન ધારણ કરવું તેના જેવું બીજું એકે શ્રેષ્ઠ નથી.

(૮૭) લક્ષ્મીપણું, રૂપપણું, શાસ્ત્રજ્ઞપણું, શીયળપણું, વિવેકપણું, વિનયપણું, સમતાપણું અને મનનું મોટાપણું. એ આઠ વાનાં અતુલ્ય પુણ્યના જોગથી પમાય છે.

(૮૮) મુખથી મીઠી વાણી બોલવી તે મુખનો શણગાર છે. વળી મૃદુ મીઠું વચન તે કામણ વિના વશીકરણ છે. વળી લક્ષ્મીપણું પામવાનું કારણ પણ મૃદુ વચન છે.

(૮૯) જે માણસ અન્નદાન કરે છે તે પરમ પ્રભાવશાળી પુણ્ય પામે છે.

(૯૦) ક્રોધના આવેશમાં ભોજન કરવું નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૯૧) ભોજનની પહેલાં પાણી પીવું નહિ કારણ કે પથ્થર સમાન પાણી કહેલું છે. ભોજન મધ્યે પાણી પીવું તે અમૃતસમાન છે. " भोजनांते विषं वारि मध्ये वारि बलप्रदम् " માટે આદ્યઅંતમાં પાણી ન પીતાં અર્ધભોજન થયા બાદ જલ પીવું, તેથી શરીરની આરોગ્યતા સારી રહે છે.

(૯૨) ગરિબ, અંધા, લુલા, પાંગળાને ખાવાનું આપતાં ભૂલવું નહિ અર્થાત્ તેમને ખવરાવવું.

(૯૩) જૈન બાળકોએ કુગુરુ, કુદેવ, કુધર્મની સંગતિ કરવી નહિ.

(૯૪) પહેલાના વખતમાં લોકો ઘણા ધનવાન હતા તેનું કારણ એ છે કે જે તેઓ વિદ્વાન, ઉદ્યોગી અને ધર્માશ્રયીઓ હતા.

(૯૫) પ્રમાણિકપણું રાખવા પ્રયત્ન કરવો.

(૯૬) જે વચન મુખમાંથી બોલ્યા તે પ્રમાણે વર્ત્તવું પણ અબી બોલ્યા ને અબી ફોક એમ ન કરવું. દરેક વખતે વચન વદવું તે વિચારીને વદવું.

(૯૭) જે છોકરાઓ, જે શિષ્યો, જે શિષ્યાઓ લક્ષબિન્દુ આપીને ખંત રાખીને બરાબર વિદ્યા પ્રાપ્ત કરતાં નથી તે અંતે પસ્તાય છે–દુઃખ વેઠે છે.

(૯૮) પૈસાદારના છોકરાઓ એમ ધારે છે કે આપણે ક્યાં રળવું કે કમાવું છે? આપણે ઘેર ધન પુષ્કળ છે એમ જાણીને બેસી રહીને ઉદ્યમ કરતો નથી, તો જરૂર ઉદ્યમ કરવો. નકામો ટાઈમ વ્યતીત ન કરતા અભ્યાસમાં લક્ષ દેશો તો સુખી થશો.

(૯૯) અપર કાર્ય કરીને ધર્માદિ પુસ્તકો દઢ શ્રદ્ધાથી ભણવાં, વાંચવાં.

(૧૦૦) જૈન બાળકોએ અહર્નિશ પ્રભુ, ગુરુદર્શન વંદન કરવાં જ.

(૧૦૧) શ્રેષ્ઠ મનુષ્ય પાસે જે સુંદરમા સુંદર ચીજ હોઇ શકે તે કેળવણી છે.

(૧૦૨) વિદ્યા વિનય દે છે, વિનયથી યોગ્યતાને પામે છે, યોગ્યતાથી ધન મળે છે, ધનથી ધર્મ પ્રાપ્ત થાય છે અને ધર્મથી સુખ મળે છે. ( હિતોપદેશ. )

(૧૦૩) દાંભિક માનવજીવનમાં જીવવા કરતાં પશુજીવનમાં જીવવું શ્રેષ્ઠતર છે.

(૧૦૪) હાલના નોવેલ પુસ્તકો વાંચવાથી બુદ્ધિ ભ્રષ્ટ થાય છે, ધાર્મિક વ્યવહારિક શિક્ષણ સારી રીતે લ્યો.

(૧૦૫) ધર્મનો ઉપદેશ નહિ કરનાર સાધુ પાંદડાં સમાન છે કેમકે તે પોતે તરે છે પણ બીજાને તારવા સમર્થ નથી.

(૧૦૬) "સજ્જન" થવા માટે સાદાઇ, પ્રમાણિકતા અને સરળતાની ખાસ જરૂર છે, અને એ ખીલે ત્યારે પ્રેમ અને મનને ખેંચી લાવે છે.

(૧૦૭) તમારો મુદ્દો ન ચૂકો, તમારું લક્ષ્ય ન ખુઓ, તમારી નેમ નજરથી દૂર ન રાખો; પણ ભાષામાં કડવાશ લાવશો નહિ.

(૧૦૮) ઉદ્યોગ અને ધૈર્યનો બદલો માણસને જરૂર મળે છે. (અસ્તુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખક—ચોકસી.

# અહિંસાની અદ્ભુત શક્તિ.

વર્તમાનકાળમાં નજર નાખતાં સહજ માલૂમ પડશે કે દુનિયાના મોટા ભાગ પર હિંસાનું પ્રચંડ તાંડવનૃત્ય ચાલી રહ્યું છે. ભારતવર્ષનો મર્યાદિત પ્રદેશ બાદ કરીએ તો બાકીનામાં દિન ઊગ્યે જે પ્રકારની કત્લેઆમ પ્રવર્તી રહી છે અથવા તો એ જાતની વૃત્તિને ઉશ્કેરે કિંવા વધુ જોરદાર બનાવે એવા સાધનો ઉત્પન્ન કરવાની પ્રવૃત્તિ વિદ્યુત્વેગે ચાલી રહી છે એથી પુરવાર થાય છે કે માનવગણનો મોટો સમુદાય અહિંસામાં છુપાયેલી અમોઘ શક્તિ વીસરી ગયો છે. એની નજરમાં મહાત્મા ગાંધીજી જે અહિંસાની વાત ઉચ્ચારે છે તે હાસ્યાસ્પદ જણાય છે. પરમાત્મા મહાવીર દેવે જે મહાન્ તત્ત્વ જગતની ચક્ષુ સામે પચીસો વર્ષ પૂર્વે અવતાર્યું અર્થાત દેશકાળની પરિસ્થિતિનો તાગ કાઢી, એને અનુરૂપ આવે તેવો સ્વાંગ સજાવી રજૂ કર્યું તે આજે સરંક્ષણ કે શાંતિ માટે અપૂર્ણ ભાસે છે. અરે, કેવળ અધ્યાત્મ જીવન પૂરતું ઉપયોગી જણાય છે! આ જાતની સમજ ધરાવનાર જનતાનો વિશાળ વર્ગ ઉપરછલ્લી માન્યતા ત્યજી દઈ, બારિકાઈથી વસ્તુસ્થિતિનું અવલોકન કરશે તો જણાશે કે સાચું સુખ આત્મિક દશાની પ્રગતિમાં સમાયેલું છે અને આત્માની સ્વતંત્રતા સિવાયની અન્ય પૌદ્ગલિક લાલસાઓ કિંવા કલ્પી લીધેલી સુખ–વાસનાઓ સત્ય સ્વરૂપે હરગીજ ઉપયોગી નથી જ. એટલે અધ્યાત્મ જીવન એ હસવા જેવી ચીજ નથી. બરાબર રીતે સમજાય તો એ જ માનવભવનું મુખ્ય ધ્યેય છે અને એમાં જ જીવનની સાચી સૌરભ સમાયેલી છે; અને એ સર્વનો મૂળ પાયો કેવલ અહિંસા ઉપર જ નિર્ભર છે. અહિંસાની શકિત અદ્ભુત છે. એ ગહન વાત સમજવા સારુ 'અહિંસેચા વિજય' નામની મરાઠી પુસ્તિકા કે જે 'આપ્પા ભાઉ મગદૂમ' તરફથી પ્રગટ કરવામાં આવી છે તેમાંનો સાર નિમ્ન પ્રકારે રજૂ કરવો ઉચિત જણાયો છે. એ આખા કથાનક પાછળ ઇતિહાસના કેટલાય પ્રમાણભૂત આધાર છે તે કહેવા કરતાં એટલું કહેવું પર્યાપ્ત થશે કે એમાં જે પ્રકારનું ચિત્રણ આલેખાયું છે તે આજે પણ બનતું દૃષ્ટિગોચર થાય છે અને ચાલુ સમયને બંધબેસતું છે તેથી ચાલુ યુગની જનતા માટે અવલંબનરૂપ છે.

'અહિંસા' અને 'સત્ય' જેવા મહાન્ તત્ત્વોનું સંપૂર્ણપણે અવગાહન કરવા સારુ પ્રખર બુદ્ધિ, પ્રચુર અભ્યાસ અને પ્રવીણ તત્ત્વજ્ઞની સ્હાય આવશ્યક ગણાય. ઉપરછલ્લા અવલોકન માત્રથી કે ઇધરઉધરની આડીતેડી દલીલો વાંચી લેવાથી એનું હાર્દ હરગીજ ન સમજી શકાય. હવે જ્યારે આમ જનસમૂહનો અતિ વિશાલ વર્ગ ઉપર આંકેલી મર્યાદામાં આવી શકતો ન હોય ત્યારે ઉકત તત્ત્વબેલડીનો સાર આ વિશાલ ગણના હૃદયમાં અંકિત કરવા સારૂ ઉદાહરણ કિંવા નાનકડા કથાનકદ્વારા કામ લેવું એ વધારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુકૂળ થઇ પડે છે. ગહન અને ગુંચો-ભર્યા પ્રશ્નો પણ જ્યારે વાર્તાપ્રવાહમાં વહેતાં મૂકવામાં આવે છે ત્યારે સામાન્ય જન-સમૂહ એનું હોંશે હોંશે પાન કરવા માંડે છે. કથાનકો મારફત ઉમદા સત્યોનું આમસમૂહને પાન કરાવવું એ પૂર્વપુરુષોએ નિયત કરેલો રાજમાર્ગ છે. શ્રી મગદૂમ પોતાની સંપાદ-કીય નોંધમાં જણાવે છે કે–

જૈન સમાજમાં વાંચનની અભિરુચિ પેદા કરવા સારુ નાની પુસ્તિકાઓ પ્રગટ કરવી જરૂરી છે. પોતે જે 'શ્રી વીર ગ્રંથમાળા' ચલાવે છે એની પાછળ એ જ હેતુ સમાયેલો છે.

તાત્ત્વિક પુસ્તકો વાંચવાનો કંટાળો સામાન્ય જનસમૂહને વિશેષ હોય છે. ઘણું–ખરૂં કથા કે વાર્તાના પુસ્તકો પ્રતિ આમ-સમૂહના મોટા ભાગનું દિલ સહજ આકર્ષાય છે. એથી વાર્તાના પુસ્તકો પ્રગટ કરવાની અને એમાં ધર્મપ્રેમ વૃદ્ધિંગત થાય, કઠીણ તત્ત્વોમાં છુપાયેલા ઉમદા રહસ્યો સરળતાથી સમજાય, અને પૂર્વજોના પરાક્રમશાળી કાર્યોનું ભાન થતાં પોતાનામાં શૂરાતનનો પ્રાદુર્ભાવ થાય એવી જાતના આલેખનની આ યુગમાં ખાસ આવશ્યકતા છે.

રાવસાહેબ પાટીલ વકીલે (સાંગલી) 'જૈનોનો ઇતિહાસ' એ નામનાં મરાઠીમાં બે સુંદર પુસ્તક લખ્યા છે. હિંદી ભાષામાં પણ એ પ્રકારના ગ્રંથો લખાયેલા દૃષ્ટિગોચર થાય છે. એમાંથી ઐતિહાસિક પ્રસંગો શોધી કાઢી નાના નાના પુષ્પો (ટેકટો) રૂપે જુદા જુદા પ્રાંતની ભાષામાં પ્રસિદ્ધ કરવામાં આવે તો જૈન સમાજમાં આજે જે સુષુપ્ત દશા અને જીવનમાં શિથિલતા જણાય છે તે સદાને માટે અસ્ત થઈ જાય.

'અહિંસેચા વિજય' પોણોસો પાનાની લઘુ પુસ્તિકા છે. એમાં દેવી સમક્ષ ભોગ ધરવાથી સુખ મળે છે એવી માન્યતા જે અજ્ઞાન લોકોમાં ઘર કરી રહેલ છે તે કેવી નિર્મૂલ છે એનો ખ્યાલ આપી, ધર્મના નામે પશુબળિ ચઢાવવાની પ્રથા કેવી રીતે પ્રવર્તી અને એમાં ઢોંગી ગુરુના કારસ્થાન કેવો ભાગ ભજવે છે એનો ચિતાર રજૂ થાય છે. જૈન સંતે અહિંસા પર દૃઢ શ્રદ્ધા દર્શાવી જીવનના ભોગે પણ હિંસાનો પ્રતિકાર કરવાની ઉલટ દાખવી જનસમૂહના અજ્ઞાનતાના પડલો કેવી-રીતે છેદ્યા અને કેવો સુંદર અંત અહિં-સાના વિજયમાં પરિણમ્યો, એ આ નાનકડી પુસ્તિકાનો વિષય છે. એનો ભાવ શકિત અનુસાર, અને ઉચિત ટુંકાણ કરી ગુજરા-તીમાં ઉતારવા ધાર્યો છે જેનો આરંભ હવે પછીના લેખથી થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મુનિસુંદરસૂરિ.

લેખક: મોહનલાલ દલીચંદ દેશાઈ
B. A. LL. B. Advocate.

( ગતાંક પૃષ્ઠ ૧૬૫ થી શરૂ )

૯. સૂરિ થયા પછીનું વર્ણન— ગ્રંથકારના જ શિષ્ય ચંદ્રરત્ન ગણિ તેમના ગ્રંથ નામે જયાનન્દ કેવલિ ચરિતના સંશોધક હતા; તેમણે તે ગ્રંથની અંતે ચાર શ્લોકની નીચેની પ્રશસ્તિમાં[1] પોતાના ગુરુનો પરિચય ટૂંકમાં કરાવ્યો છેઃ—

'ચંદ્રકુલમાં તપાગચ્છમાં પ્રસિદ્ધ થયેલા શ્રી સોમસુન્દર ગુરુની પાટે પ્રતિષ્ઠિત કરાયેલા શ્રી મુનિસુન્દર સૂરિરાજમાં ઇંદ્ર જેવા (છે) કે જેનાં ગીતો મારિના ઉપદ્રવનું નિવારણ કરવા અર્થે શાંતિસ્તવથી કરેલા સંઘના રક્ષણ આદિથી તેમના ગણ અને પ્રગણથી ભદ્રબાહુ ગુરુ પેઠે ગવાય છે, (કારણ કે પૂર્વે ભદ્રબાહુસ્વામીએ ઉપસર્ગહર સ્તોત્ર પ્રાકૃતમાં રચી સંઘરક્ષણ કર્યું હતું) અને જે મરુદેશ આદિ દેશોમાં અમારિનો પડહો વગડાવી પ્રસિદ્ધ થયેલા હોઇ શ્રી હેમચંદ્રસૂરિનું પોતાની શક્તિવડે સ્મરણ કરાવતા હતા (કારણ કે હેમાચાર્યે કુમારપાલ રાજાને પરમાર્હત બનાવી તેની પાસે અમારિ પ્રવર્ત્તાવી હતી), તે ઉત્તમ ગુરુના ઉત્તમ શિષ્ય ચંદ્રરત્ન ગણિ અને પંડિતે ગુરુભક્તિથી પોતાની બુદ્ધિથી શોધી શોધીને આ ગ્રંથ શુદ્ધ કર્યો. (૧–૪)

સોમસુંદરસૂરિના સં. ૧૪૯૯ માં સ્વર્ગવાસ પછી તેના એક પટ્ટધર તરીકે મુનિસુંદરસૂરિનું વર્ણન સોમસૌભાગ્યકાવ્યના દશમા સર્ગના પ્રથમના ચાર શ્લોકમાં આપેલું છે કેઃ–

'યુગપ્રધાન શ્રી સોમસુંદરસૂરિની પાટે શ્રીમાન્ મુનિસુંદરસૂરિરાજ વિરાજ્યા, કે જેમની ઉત્તમ શ્રી સૂરિમંત્રના સ્મરણથી જ પ્રાપ્ત થયેલી શક્તિ પૃથ્વી પર વિસ્મયકારી દાન આપવામાં દક્ષ હતી. શ્રીરોહિણી (શિરોહી) નામના નગરમાં તીડના ઉપદ્રવને ટાળવાથી જેનું હૃદય ચમત્કૃત થયું હતું એવા તેના રાજાએ મૃગયા કરવાનો ( શિકારનો ) નિષેધ સ્વીકાર્યો, અને પોતાના રાજ્યમાં અમારિ પ્રવર્ત્તાવી. તે પહેલાં દેવકુલપાટક( મેવા-

---

[1] चन्द्रकुले तपागच्छे ख्याताः
श्रीसोमसुन्दर गुरूणां ।
पट्टप्रतिष्ठिताः श्रीमुनिसुन्दर
सूरीराजेन्द्राः ॥ १ ॥
(मार्यामुपद्रव) मारीत्यवमनिषारणा–
शान्तिस्तवसंघरक्षणप्रमुखैर्ये ।
गीयन्ते स्वगणैः प्रगणैः
प्रति भद्रबाहु गुरोः ॥ २ ॥
मरुदेशादिषु दशष्वमारि–
पटहप्रघोपणैः प्रथिताः ।
श्रीहेमचन्द्रसूरिन् स्मारितवन्तः
स्वशक्त्या ये ॥ ३ ॥
तेषां गुरुत्तमानां शिष्यवरैश्चन्द्रर–
त्नगणिविबुधैः ।
शोधं शोधं स्वधिया
व्यधायि शुद्धं गुरुभक्त्या ॥ ४ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડના દેલવાડા)માં સંતિકર (શાંતિકર) નામના ( પોતે પ્રાકૃત ભાષામાં રચેલા ) સ્તવનથી રાજાઓ જેના ચરણકમળમાં ઢળે છે એવા આ સૂરિરાજે મહામારિના ઉપદ્રવનો નાશ કર્યો. એવાં શાસનની ઉન્નતિ કરનારાં પ્રસિદ્ધ કાર્યોથી ચમત્કૃતિ કરનારા અને કુમુદ જેવા ઉજ્જવળ ગુણોથી તે (સૂરિ)એ શ્રી **માનદેવ*** અને પવિત્ર માનસવાળા **માનતુંગ×** આદિ પ્રભાવક ગુરુઓનું સ્મરણ કરાવ્યું હતું. '[૧]

સં. ૧૫૦૧માં લક્ષ્મીસાગર મુનિને મુંડસ્થલમાં વાચકપદ આપ્યું અને તેનો ઉત્સવ સંઘપતિ **ભીમે** કર્યો (ગુરુ-ગુણરત્નાકર ૧, ૯૦).

* લઘુશાંતિ નામનું મહિમાવાળું સ્તોત્ર રચનાર પૂર્વાચાર્ય.

× નમિઊણ અપરનામ ભયહર સ્તોત્ર તથા ભકતામર સ્તોત્ર એ બે મહિમાવાળા સ્તોત્રના રચનાર પૂર્વાચાર્ય.

૧ श्री **सोमसुन्दर**–युगोत्तमसूरिपट्टे
श्रीमान् रराज **मुनिसुन्दर**सूरिराजः ।
श्रीसूरिमन्त्रवरसंस्मरणैकशक्ति–
र्यस्याभवद् भुवनविस्मयदानदक्षाः ॥ १ ॥
श्रीरोहिणीति विदिते नगरे ततीति
पश्चात्कृतेः किल चमत्कृतहृत्पुरेशः ।
ऊरीचकार मृगयाकरणे निषेधं
प्रावर्त्तयन्निखिलनीवृतिमाप्यमारिं ॥ २ ॥
प्रागेव देवकुलपाटकपत्तने यो
मारेरुपद्रवदलं दलयांचकार ।
श्रीशांतिकृत्स्तवनतोऽवनतोत्तमांग–
भूपालमौलिमणि–घृष्टपदारविन्दः ॥ ३ ॥
श्री **मानदेव**शुचिमानस **मानतुंग**–
मुख्यान् प्रभावकगुरून् स्मृतिमानयद्यः ।
श्रीशासनाभ्युदयद–प्रथितावदा–
तैस्तैस्तैश्चमत्कृतिकरैः कुमुदावदातैः ॥ ४ ॥

**૧૦. તે સમયનાં અન્ય વૃત્તાંતો**—ગુરુ-ગુણરત્નાકર કાવ્ય સં. ૧૫૪૧ માં સોમચારિત્ર નામના મુનિએ સંસ્કૃતમાં લક્ષ્મીસાગર સૂરિના ચરિત્રરૂપે રચ્યું. તેમાં તે સૂરિને મૂળ દીક્ષા અને વાચકપદ આપનાર શ્રી મુનિસુંદરસૂરિના કેટલાક ગુણોનું ટૂંક સમુચિત વર્ણન પ્રથમ સર્ગ શ્લોક ૬૭ થી ૭૧માં કરેલું છે–

अध्यात्मकल्पद्रुम–वल्गुगुर्वावली–
विचित्राऽऽप्तपतिस्तवादीन् ।
ग्रन्थान् बहुन् ग्रेथुरजिह्ममत्या
येऽपास्तवाचस्पतिदर्पदीप्त्या ॥ ६७ ॥
श्रीसूरिमंत्रस्मरणाऽतिशेषात्
षष्ठाष्टमादेश्च तपोविशेषात् ।
प्रत्यक्षतामाययुरार्यपद्मावत्या–
दिदेव्यः प्रमदेन येषाम् ॥ ६८ ॥
निर्माय यैः शान्तिकरं स्तवं नवं
निवारिता मारिरिहाऽतिदुस्तरा ।
ध्यानात्तथा तिड्डुभरेतिरऽञ्जसा
नाग्रद्गुणैर्जैनमतप्रभावकैः ॥ ६९ ॥
पियूषयूषमधुरात्मगिरा दुरन्तमा–
ऽऽनेमुषामिह विमोहविषं हरन्तः ।
भव्योत्सवं भुवि विहारविधिं सृजन्तः,
श्रीमानतुङ्गगुरुवन्महिमर्द्धिमन्तः ॥ ७० ॥
सत्फुल्ललाभमनिभश्रुतसंविदेकाऽऽ–
लोकात् समीक्ष्य मुनिसुन्दरसूरिराजाः ।
स्वाश्रय्युमापुरमुमापुरनामधेयं
ग्रामं क्रमादनुपमं तमुपागमंस्ते (युग्मं)

—'અધ્યાત્મકલ્પદ્રુમ, સુંદર ગુર્વાવલી, આપ્તોમાં મુખ્ય એવાનાં જુદાં જુદાં સ્તવો વિગેરે બહુ ગ્રંથોને સરલ મતિથી અને વાચસ્પતિના અભિમાનને અસ્ત કરનારી દીપ્તિવડે જેમણે રચ્યા, શ્રી સૂરિમંત્રના બહુ સ્મરણથી છઠ્ઠ અટ્ઠમ આદિના તપ-વિશેષથી જેમની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાસે આર્ય પદ્માવતી આદિ દેવીઓ પ્રત્યક્ષ થઈ આવતી હતી, જે જિનમત પ્રભાવકે પૃથ્વીમાં નવું શાન્તિકર સ્તવ રચીને અતિ દુસ્તર એવી મારિ તથા ધ્યાન ધરીને તીડોના ટોળાનો ઉપદ્રવ જાગ્રદ્ ગુણોવડે શીઘ્રતાથી નિવારેલ હતાં, તેઓ પિયૂષના રસ જેવી મધુર વાણીથી પોતાને નમનારા લોકોના વિમોહરૂપી ઝેરને દૂર કરનારા, પોતાની વિહારવિધિ અને ભવ્યોત્સવ રચતા શ્રી માનતુંગ ગુરુ પેઠે મહિમાની ઋદ્ધિવાળા મુનિસુંદરસૂરિ........વિહાર કરતા કરતા ઉમાપુર આવ્યા.'

આ કાવ્યની પહેલાં ને સૂરિજીની હયાતીમાં (૧) સં. ૧૪૭૯ ની લખાયેલી દેવચંદ્રસૂરિકૃત શાંતિનાથ ચરિતની લેખક-પ્રશસ્તિમાં દેવસુંદરસૂરિના પદે આવેલા સોમસુંદરસૂરિની હયાતીમાં તેમના ચાર શિષ્યો ૧. મુનિસુંદર, ૨ જયચંદ્ર ૩ ભુવનસુંદર અને ૪ જિનસુંદર. એ ચાર શિષ્ય-સૂરિઓનાં વર્ણન આપતાં પ્રથમ આપણા ગ્રંથકારને વર્ણવે છે કે:-

(૧) શાંતિસ્તવથી જેમણે લોકોમાં ચાલતી મારિને હરી લીધી, સહસ્રનામાવધાની એવું બિરુદવાળા, મહિમાના અનન્ય ધામ અને વિવિધ શાસ્ત્રના વિધાનમાં વિધાતા જેવા જેઓ હતા તે પહેલા શિષ્ય મુનિસુંદરસૂરિ જયવંત છે.[1]

(૨) રત્નશેખરસૂરિ પણ સં. ૧૪૯૬ માં પોતાની 'શ્રાદ્ધવિધિ' નામના ગ્રંથની અંતે એમ જ જણાવે છે.[1]

(૩) લક્ષ્મીભદ્ર ગણિએ રચેલી ને સં. ૧૪૯૮માં પાલણપુરમાં લખાયેલી તે વખતની ગૂજરાતી ભાષામાં 'શ્રી મુનિસુંદરસૂરિ વિજ્ઞપ્તિ' એ નામની દશ કડીની ટૂંકી કૃતિમાં કડી ૭ થી ૯ સુધીમાં જે જણાવ્યું છે તે આપણા ગ્રંથકારશ્રીનો પરિચય આપતાં આદિમાં જ મૂકેલું છે. (ઐ. સજ્ઝાયમાળા પૃ. ૫૮ થી ૬૦)

(૪) ચારિત્રરત્નગણિએ સં. ૧૪૯૯માં પોતાના 'દાનપ્રદીપ' પુસ્તકની અંતે કહ્યું છે કે 'તેઓ મારિનું નિવારણ કરવાના પૂર્વ અવદાતથી ભદ્રબાહુ જેવા પરમ મહિમાવાળા છે.[2]

(૫) સોમધર્મ ગણિએ પણ સં. ૧૫૦૩માં રચેલા ઉપદેશ-સપ્તતિના પ્રાંતે એ પ્રકારનું દર્શાવ્યું છે કે 'જેમણે શાંતિકરસ્તોત્ર રચ્યું ને રાજા વિગેરેને પ્રતિબોધ્યા, પ્રવાદોમાં જય મેળવ્યો એવા શ્રી મુનિસુંદરસૂરિ શોભે છે.[3]

(૬) સૂરિજીની હયાતી બાદ-સોમમંડનગણિ યુગાદિદેશનાને અંતે 'તેઓ યુગો-

---

૧ शांतिस्तवेन जनमारिहृतस्सहस्त्रनामावधानिबिरुदा महिमैकधाम । तेष्वादिमा विविधशास्त्रविधानधातृतुल्या जयंति **मुनिसुन्दर** सूरिराजाः ॥

—જુઓ પાટણ સૂચિ નં. ૩૨૭ પૃ. ૨૦૦; પ્રશસ્તિ સંગ્રહ નં. ૧૧૩ પૃ. ૭૪; શ્રી જિનવિજયસંપાદિત જૈન પુ. પ્રશસ્તિ સંગ્રહ નં ૪૯ પૃ. ૫૦

૧ मारीत्यवमनिराकृति सहस्त्रनाम-स्मृतिप्रमृतिकृत्यः।
**श्रीमुनिसुन्दरगुरवश्चिरन्तनाचार्यमहिमभृतः** ॥
—રત્નશેખરસૂરિના સં. ૧૪૯૬ ના શ્રાદ્ધવિધિ ગ્રંથની પ્રશસ્તિ. શ્લોક ૮.

૨ **श्रीमुनिसुन्दरगुरवः** प्रथमाः प्रथमानपरममहिमानः।
मारिनिवारणपूर्वैरवदातैर्भद्रबाहुं प्रति ये ॥ १० ॥

३ कृतशान्तिकरस्तोत्राः नृपादिप्रतिबोधकाः।
जितप्रवादा भान्ति श्री**मुनिसुन्दर**सूरयः ॥ ३ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્તમના ગુણુવાળા, વિસ્તૃત ઉદયવાળા અને સહસ્ર નામોના અવધાની હતા' એમ કથે છે.[૪]

(૭) હેમહંસગણિએ અમદાવાદમાં રચેલી સં. ૧૫૧૫ની ન્યાયાર્થ-મંજૂષા નામની કૃતિની પ્રશસ્તિમાં જણાવેલ છે કે 'સુર-દેવથી કરેલી મારિ જેણે શાંતિસ્તવ રચીને નિવારી તે શ્રીમાન્ મુનિસુંદર નામના ગુરુ મારા દીક્ષા-ગુરુ હતા.'[૫]

ધર્મસાગરજી સં. ૧૬૪૬ની પટ્ટાવલીમાં જણાવે છે કે 'સંતિકર નામનું મહિમાવાળું સ્તવન કરીને જોગણીઓએ કરેલા મારિના ઉપદ્રવના નિવારક, ૨૪ વાર વિધિપૂર્વક સૂરિ-મંત્રનું આરાધન કરનાર તેઓ હતા અને તેમાં પણ ૧૪ વાર (કરતાં) તેમના ઉપદેશથી ચંપકરાજ, દેપા, ધારા આદિ રાજાઓએ પોતપોતાના દેશમાં અમારિ પ્રવર્ત્તાવી હતી. શિરોહી દેશમાં સહસમલ્લ રાજાએ પણ અમારિ પ્રવર્ત્તાવી હતી તેથી તેમણે તીડોનો ઉપદ્રવ દૂર કર્યો હતો.'[૧]

ઐતિહાસિક સજ્ઝાયમાળાની પ્રસ્તાવનામાં મુનિશ્રી વિદ્યાવિજય વિશેષમાં જણાવે છે કે 'વળી કૂવામાંથી ઋષભદેવની મૂર્તિ કઢાવીને તે શીરોહીના લાખા રાજાને આપી હતી. રાજાએ તે મૂર્તિ પોતાના મહેલની ડાબી તરફના મોટા દેરાસરમાં સ્થાપિત કરી હતી.' આ માટે શો આધાર છે તે ત્યાં દર્શાવેલ નથી, તેમ અમને આ વાત બીજે કયાંઇ જણાઈ નથી; તેથી તે દંતકથા હોઇ શકે.

**૧૧. બિરુદો:**-તેમનું બિરુદ 'સહસ્રનામાવધાની' હતું એ ચોક્કસ છે. સં. ૧૪૮૯મા લખાયેલી કલ્પભાષ્ય, નન્દિસૂત્રની પ્રતમાં તે વાત 'सहस्रानामावधानि बिरुदा महिमैकधाम' એમ કથેલ છે તે પરથી સિદ્ધ થાય છે. (પાટણ ભં. સૂચિ પૃ. ૨૦૦; પ્રશસ્તિસંગ્રહ પ્રથમ પૃ. ૭૭).

સં. ૧૬૪૬માં પૂર્ણ કરેલી પટ્ટાવલીમાં ધર્મ-સાગર ઉપાધ્યાય જણાવે છે કેઃ-આ આચાર્યને ખંભાતના દફરખાને 'વાદિ-ગોકુલસંડ'નું બિરુદ આપ્યું હતું, અને દક્ષિણમાં 'કાલિસરસ્વતી'[૧] નું બિરુદ મળ્યું હતું. ધર્મસાગરજીને દેવ-વિમલ ગણિ ટેકો આપે છે, કારણ કે હીર સૌભાગ્ય કાવ્યમાં સર્ગ ૧૪ શ્લોક ૨૦૪ માં

---

૪ युगोत्तमगुणाश्चासंस्तत्पट्टे प्रथितोदयाः ।
सहस्राद्यावधानाः श्रीमुनिसुन्दरसूरयः ॥ ३ ॥

५ मारिर्येन निवारिता सुरकृता संसूत्र्य शांतिस्तवं ।
स श्रीमान्मुनिसुंदराभिधगुरुर्दीक्षागुरुर्मेऽभवत् ।
(પી. ૪ નં. ૫૦૦ પૃ. ૧૮)

૧ 'सन्तिकरमिति समहिमस्तवनकरणेन योगिनीकृतमार्युपद्रवनिवारकः । चतुर्विंशति वार २४ विधिना सूरिमंत्राराधकः । तेष्वपि चतुर्दश १४ वारं यदुपदेशतः स्वस्वदेशेषु चम्पकराज देपा धारादि राजभिरमारिः प्रवर्त्तिता । सीरोही दिशि सहस्रमल्लराजेनाप्यमारि-परिवर्त्तने कृते मति येन तिड्डकोपद्रवो निवारितः ।

આમાં શિરોહીમાં રાજાએ અમારિ પ્રવર્ત્તાવી એટલે આ સૂરિએ તીડનો ઉપદ્રવ ટાળ્યો, એ જણાવ્યું છે તે યોગ્ય નથી; આથી ઊલટું મુનિસુંદર-સૂરિ-વિજ્ઞપ્તિ, સોમસૌભાગ્ય કાવ્યાદિમાં જણાવ્યું છે એ યોગ્ય અને યુક્તિસર છે. કારણ કે જૈન આચાર્ય અમુકના બદલામાં અમુક કરે એમ બને નહિ, તે જે કરે તે પરોપકારાર્થે ફલની ઈચ્છા વગર કરે.

૧ स्तम्भतीर्थे दफरखानेन 'वादिगोकुल-सण्ड' इति भणितः दक्षिणस्यां कालिसरस्वतीति प्राप्तबिरुदः ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'વાદિ–ગોકુલ–સંકટ' એ બિરુદ ખંભાતમાં દફરખાન સૂબાએ (જુઓ પત્ર ૩–૧ ની ટિપ્પણી નં. ૧) અને સર્ગ ૪, ૧૨૭ માં 'કાલીસરસ્વતી' બિરુદ દક્ષિણના પંડિતોએ આપ્યું એમ ખાલી જણાવ્યું છે. આ દફરખાન સંબંધી અગાઉ કહેવાયું છે. ['સં. ૧૪૨૯ માં કા. શુ. ૪ રવિવારે પત્તન-(પાટણ)માં પૂર્ણિમા પક્ષના જ્ઞાનકલશ મુનિ-દ્વારા લખાયેલ નલાયન મહાકાવ્યના પુસ્તકના અંતમાં ઉલ્લેખ છે કે—તે સમયે મહારાજાધિરાજ પીરોજ પાતસાહિથી નિયુક્ત ખાન દફરખાન સમસ્ત ગૂર્જર ધરિત્રીનું પરિપાલન કરતા હતા'—[મારા મિત્ર પંડિત શ્રી લાલચંદ્રકૃત 'શ્રી જિનપ્રભસૂરિ અને સુલતાન મહમદ' પૃ. ૧૧૫, આ દફરખાન (પહેલો) ભિન્ન સમજવો.] આ બિરુદોનો ઉલ્લેખ તત્કાલીન અગર તે સમયની આસપાસના ગ્રંથોમાં જણાતો નથી. આ અધ્યા-

૧ अलभिम याम्यां दिशि येन काली सरस्वतीदं बिरुदं बुधेभ्यः । रवेरुदीच्यामिव तत्र तेजोऽतिरिच्यते यत्पुनरत्र चित्रम् ॥

કલ્પતમદ્રુમના ટીકાકાર અને ધર્મસાગરજીના સમકાલીન ધનવિજય ગણિ 'સહસ્રાવધાન–ધારી, સાક્ષાત્સરસ્વત્યનુકારી, શ્રી સોમસુંદર-સૂરિના પટ્ટાલંકારી, તપાગચ્છનાયક યુગપ્રધાન સમાન મુનિસુંદરસૂરિ' એટલું પોતાની ટીકાની આદિમાં જણાવે છે, તેમાં ઉક્ત બે બિરુદોનો ઉલ્લેખ નથી. જયચંદ્રસૂરિને રાજ-સભા સમક્ષ દક્ષિણના વાદીઓએ 'કૃષ્ણસરસ્વતી' કહ્યા (ગુરુ–ગુણરત્નાકર કાવ્ય ૧, ૯૨); સોમસુંદરસૂરિના શિષ્ય ચારિત્રરત્ને 'કૃષ્ણ સરસ્વતી'નું બિરુદ ધારણ કર્યું હતું એમ તે સૂરિના શિષ્ય પં. પ્રતિષ્ઠાસોમ સોમ-સૌભાગ્ય કાવ્યના સર્ગ ૧૦ માના શ્લોક ૫૧ માં જણાવે છે. આમ કાલી કે કૃષ્ણ સરસ્વતીનાં બિરુદો તત્સમયના ગ્રંથો મુનિ-સુંદરસૂરિથી અન્યને અપાયા હોવાનું ઉલ્લેખે છે. મને લાગે છે કે જયચંદ્રસૂરિનું 'કૃષ્ણ સરસ્વતી' બિરુદ મુનિસુંદરસૂરિના નામે અસાવધાનતાથી ચડી ગયું જણાય છે.

(ચાલુ)

**શાસ્ત્રજ્ઞાન—**

મુમુક્ષુનું સાચું લક્ષણ એકાગ્રતા છે. પરંતુ, જેને પદાર્થોના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થયો હોય, તે જ એકાગ્રતા પ્રાપ્ત કરી શકે. પદાર્થોના સ્વરૂપનો નિશ્ચય શાસ્ત્રદ્વારા જ થઈ શકે; માટે શાસ્ત્રજ્ઞાન મેળવવાનો પ્રયત્ન સૌ પ્રયત્નોમાં ઉત્તમ છે. શાસ્ત્રજ્ઞાન વિનાનો મુમુક્ષુ ન પોતાનું સ્વરૂપ સમજી શકે અને જેને પદાર્થોના સ્વરૂપની સમજ નથી તે કર્મોનો ક્ષય કેવી રીતે શકે ?

**શ્રીમાન્ કુંદકુંદાચાર્ય—**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિશ્વસંસ્કૃતિમાં જૈન ધર્મનું સ્થાન.

જૈનધર્મ અને જૈન સંસ્કૃતિના વિકાસની પાછળ સેંકડો શતાબ્દિઓનો ઇતિહાસ રહેલો છે. ચાલુ ચોવીશીના આદ્ય તીર્થંકર શ્રી ઋષભદેવથી પ્રારંભી બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથ પર્યન્તની પુરાણી વાત બાજુ પર રાખીએ તો પણ આપણે એવા અનુમાન પર આવવું જ પડે છે કે ઈ. સ, પૂર્વે ૮૭૨ મા ત્રેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથનો જન્મ થયો હતો. તેમણે ત્રીશ વર્ષની વયે સંસારનો ત્યાગ કર્યો અને ઇ. સ. ૭૭૨માં બિહાર પ્રાંતમાં આવેલ શ્રી પાર્શ્વનાથ પહાડ ( શ્રી સમેતશિખર તીર્થ ) પર શિવપદની પ્રાપ્તિ કરી. ભગવાન પાર્શ્વનાથે જે સાધુ સંપ્રદાયની સ્થાપના કરી હતી, અને તેમાં કાળપ્રભાવથી જે દોષોદ્ભવ થયો હતો તેમાં ભગવાન મહાવીરે સુધારો કર્યો. શ્રી મહાવીર પોતાના આત્મા પરના વિજયને અંગે '**જિન**' કહેવાયા અને તેમના અનુયાયી-પ્રકૃતિ પર પ્રભુત્વ ધરાવનારાઓ જૈન કહેવાયા. જેમનું મુખ્ય લક્ષબિંદુ આત્મિક ઉન્નતિ અને આત્મવિકાસ હતું. આ હકીકત પરથી આપણને સુચારુ રૂપથી માલૂમ પડે છે કે ભગવાન મહાવીર એ જૈન ધર્મના સંસ્થાપક નહી પરન્તુ ચાલ્યા આવતા પ્રાચીન જૈન ધર્મના સુધારક હતા.

પ્રાચીન ભારતીય સાહિત્યમાં શ્રી મહાવીર, તેમના સમકાલીન ગૌતમ બુદ્ધની પૂર્વે જન્મ્યા હતા તેવો ઉલ્લેખ નજરે પડે છે. જૈન સાહિત્યમાં કેટલાક સ્થાનો પર ગૌતમ બુદ્ધને માટે એવો નિર્દેશ કરવામાં આવ્યો છે કે તેઓ શ્રી મહાવીરના 'ગૌતમ' એવા નામથી પ્રસિદ્ધ શિષ્ય હતા, બાદ પરસ્પર ઉદ્ભવેલ પક્ષપાત અને વિરોધને અંગે બૌદ્ધ લેખકોએ શ્રી મહાવીરને બુદ્ધના પ્રતિસ્પર્ધી તરીકે આળેખ્યા. સાચી રીતે કહીએ તો બંનેના દૃષ્ટિકોણમાં તફાવત છે, કારણ કે બૌદ્ધધર્મનો દુનિયાના ઘણા વિભાગોમાં પ્રસાર થયો, જ્યારે જૈન ધર્મ આર્યાવર્તનો રાષ્ટ્રીય ધર્મ બની રહ્યો, પરન્તુ ડો. વીંટરનીઝે કહ્યું છે તે ખરેખર સત્ય અને સચોટ છે કે દર્શન શાસ્ત્રની અપેક્ષાએ જોઇએ તો જૈન ધર્મ જ એક માત્ર વિશ્વધર્મ છે, કારણ કે તે ફક્ત અમુક જ્ઞાતિઓ કે જાતિઓનો જ ધર્મ નથી પરન્તુ તે પશુઓ, દેવો અને પાતાલવાસીઓનો પણ ધર્મ છે. વિશ્વ પ્રત્યે સહાનુભૂતિ અને મૈત્રીનો બૌદ્ધ ધર્મનો સિદ્ધાંત જૈન ધર્મની અહિંસાના વ્યાપક સિદ્ધાંતમાં ગુંથાઈ ગયો છે. અને તેટલા ખાતર જૈન તેમજ બૌધ્ધ ધર્મનો તુલનાત્મક અભ્યાસ કરવો જોઇએ. ઇ. સ. પૂર્વે ૧૦૦૦ વર્ષ પર જે આધ્યાત્મિક આંદોલનો ઉત્પન્ન થયા તેનો તુલનાત્મક અભ્યાસ કરવાની અત્યંત આવશ્યક્તા છે. સમસ્ત એશિયામાં તે સમયે રાજનૈતિક અને સામાજિક પરિવર્તનો થતા હતા તેમજ તે સમયે મહાન્ ધર્મસ્થાપકો ઉત્પન્ન થયા હતા; જેવા કે—

ઇરાનમાં જરથુસ્ત્ર, ચીનમાં લાઓત્જે અને કન્ફ્યુસીયસ.

જૈન ધર્મ અને બ્રાહ્મણ ધર્મ સંબંધી વિચાર કરતાં આપણને જણાશે કે બૌદ્ધ ધર્મ કરતાં જૈન સાહિત્ય બ્રાહ્મણ સંસ્કૃતિ તરફ વિશેષ ઢળતું રહે છે. ડો. વીંટરનીઝ, પ્રો. જેકોબી અને અન્ય ઘણા વિદ્વાનોએ આ વાત સ્વીકારી છે કે ભારતીય સાહિત્ય સમૃદ્ધિને વિકસિત કરવામાં જૈન લેખકોનો હિસ્સો અપૂર્વ છે. એમ પણ જાહેર કરવામાં આવ્યું છે કે ' ભારતીય સાહિત્યનું કોઇ પણ એવું અંગ નહીં હોય જેમાં જૈન લેખકોએ પોતાનું વિશિષ્ટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થાન પ્રાપ્ત ન કર્યું હોય.' ઇતિહાસ અને વૃત્ત, કાવ્ય અને કથા, નાટક અને સ્તુતિ તેમજ જીવન-ચરિત્ર તથા વ્યાકરણ અને કોષમાં જ નહિં પરન્તુ વૈજ્ઞાનિક ગ્રંથમાં પણ જૈનોની સંખ્યા અલ્પ નથી. આચાર્ય શ્રી ભદ્રબાહુ, કુંદકુંદાચાર્ય, જિનસેન, આ શ્રી હેમચંદ્ર, હરિભદ્રસૂરિ આદિ પ્રાચીન તેમજ મધ્યકાલીન લેખકોએ આધુનિક આર્યાવર્તવાસીઓને અતુલ સાંસ્કૃતિક સંપત્તિ સુપ્રત કરી છે. આ વસ્તુનું પ્રતિપાદન સુપ્રસિદ્ધ તપાગચ્છીય વિદ્વાન ઉપાધ્યાયશ્રી યશોવિજયે કર્યું છે, કે જેમનો સમય ઇ. સ. ૧૬૨૪-૮૮ નો છે. ઇ. સ. ના પહેલા સૈકામાં જૈનોના શ્વેતાંબર અને દિગંબર બે ફીરકા થઈ ગયા તેમનામાં ઐક્ય સ્થાપવા આ મહાપુરુષે મહાપ્રયાસ કર્યો હતો.

આ મહાન્ સાહિત્ય તેમજ આધ્યાત્મિક સામગ્રીની પ્રયત્નપૂર્વક રક્ષા કરવી તે ફક્ત શ્વેતાંબરો, દિગંબરો, સ્થાનકવાસીઓ, તેરાપંથીઓ અગર તો બીજા કોઇ સંપ્રદાયની જ ફરજ નથી પરન્તુ ભારતીય સંસ્કૃતિ તેમજ ભારતીય જ્ઞાનપ્રેમીઓનું આવશ્યક કર્ત્તવ્ય છે. જૈનોનું સિદ્ધાન્ત સંબંધી સાહિત્ય કેટલાક તેમના વિશેષજ્ઞો તેમજ અમુક સંપ્રદાયોના જનસમૂહ પૂરતું મર્યાદિત છે, અને આજે પણ એવું અપૂર્વ સાહિત્ય ભર્યું પડયું છે કે જેનું અદ્યાપિ પર્યન્ત અધ્યયન નથી થયું.

હિંદુ તત્ત્વજ્ઞાનના વિદ્યાર્થીઓ જાણવાને ઇચ્છે છે કે જૈન ધર્મના સાહિત્યે ન્યાય અને બીજા દુર્ગમ્ય સિદ્ધાંતોના વિકાસમાં કેટલો હિસ્સો આપ્યો છે. જૈન લેખકોએ રામાયણ, મહાભારત તથા પુરાણો ઉપર પણ વિવેચન તેમજ વૃત્તાંતો આળેખ્યા છે. કલાપ્રિય ભારતીય યુવાનો એ પણ સારી રીતે જાણે છે કે અજંટાની ચિત્રકલા તેમજ મધ્ય યુગની ચિત્રકલામાં જૈનોનો કેટલો અપૂર્વ હિસ્સો હતો. આ ઉપરાંત જૈન લેખકોએ હિંદની વિવિધ ભાષા ગુજરાતી, મારવાડી, હિંદી, તામિલ, તેલગુ અને કનડીમાં સાહિત્ય-રચના કરી છે. આજે પણ આ ભિન્ન ભિન્ન ભાષાઓમાં જુદા જુદા પ્રબન્ધો અને પુસ્તકો છપાઇ રહ્યા છે પરન્તુ ખેદની વાત છે કે જૈન જેવો સમાજ આ સર્વ સામગ્રીની સરલતાથી સમજણ મળી શકે તે માટે વિસ્તૃત સૂચિ તૈયાર કરવાનો પ્રયત્ન કરતો નથી. લગભગ ઇ. સ. ૧૮૭૩-૭૮ માં પ્રોફેસર બુહલરે બર્લીનની રોયલ લાઇબ્રેરીને માટે હસ્તલિખિત જૈન ગ્રંથોની સૂચિ તૈયાર કરી હતી અને જૈન સાહિત્યના વિસ્તૃત વિવેચનને માટે પ્રો. વેબરને ઇ. સ. ૧૮૮૩-૮૫ માં પ્રયત્ન કર્યો હતો. ઇ. સ. ૧૯૦૬ અને ૧૯૦૮ ના ગાળામાં પેરીસના પ્રખ્યાત પ્રોફેસર એ૦ ગુરીનાંટે "Studies of Jaina Bibliography" પ્રકાશિત કર્યું હતું. આ દિશામાં વિશેષ પ્રયત્ન કરવા બાદ છેલ્લા ત્રણ વર્ષમાં ઉત્તર તેમજ દક્ષિણ ભારતમાં નવીન હસ્તલિખિત જૈન ગ્રંથો તેમજ શિલાલેખો વિશેષ પ્રમાણમાં મળી આવ્યા છે.

આધુનિક સમયે દક્ષિણ ભારતમાં જૈન ધર્મ તરફ વિદ્વાનોનું સારું આકર્ષણ થયું છે. ડૉ. એમ. એચ. કૃષ્ણને 'શ્રવણ બેલગોલામે ગોમટેશ્વર કે મસ્તકાભિષેક' પરત્વે સંશોધનપૂર્ણ વિવેચન કર્યું હતું. ડૉ. બી. એલ. સાલેગોર અને શ્રી એમ. એસ. રામસ્વામી આયંગરને જૈન ધર્મના વિવેચન અને સંશોધનમાં સારો પરિશ્રમ ઊઠાવ્યો છે. ઇંડિયન મ્યુઝીઅમના ક્યુરેટર ટી. એન. રામચંદ્રને તેમના 'તિરુપ્પરુતી કુનરન અને ઉસકે મંદિર' નામના પુસ્તકમાં દક્ષિણ ભારતના જૈન સ્મારકો પરત્વે સારું આલેખન કર્યું છે. ડૉ. સી. મીનાક્ષીને કેટલાએક જૈન ગુફાઓ અને જૈન ચિત્રોની શોધ કરી છે કે જેમાં જિનેશ્વર ભગવંતના જીવનની હકીકતો અને સામગ્રીઓ મળી આવી છે. આ શોધનું કેંદ્ર પુદુકોટા રાજ્યમાં આવેલ 'સિત્તન્નવાસલ' નામનું ગામ છે.

આવી રીતે જૈન સાહિત્ય, સંસ્કૃતિના સંબંધમાં અતિશય સાધનો અને સામગ્રીઓ અસ્તિત્વ ધરાવે છે-જરૂર છે એક માત્ર તેને સુવ્યવસ્થિત કરી તેના અધ્યયન-અધ્યાપનના માર્ગની. જૈન ભાઇઓ આ સંબંધમાં સુયોગ્ય યોજના વિચારી તેને અમલમાં મૂકે.

( ઉધ્ધૃત )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૧. **અમારા ગુરુદેવ**—પૂજ્યપાદશ્રી વિજયધર્મસૂરીશ્વરજીના જીવનચરિત્રનો આ ગ્રંથ કે જેના લેખક ભાઇ સુશીલ છે. જીવનના દરેક પ્રસંગો આપવાને બદલે તેમાંથી તારવી કાઢેલા જુદા જુદા ભાવવાહી વર્ણનો સાદી અને સરળ ભાષામાં લેખકે આપ્યા છે. લેખક વિદ્યાર્થી અવસ્થામાં બનારસ પાઠશાળામાં ગુરુદેવના ભકત શિષ્ય-તરીકે પરિચિત હોવાથી ગુરુરાજના આંતરિક જીવન અને સ્વભાવ જીવનની અનેક ઘટનાઓ આ ગ્રંથમાં રજુ કરી છે. આ જીવનચરિત્ર મનનીય અને અનેક વસ્તુઓ અનુકરણીય છે. પ્રકાશક શ્રી વિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા, છોટા સરાફા, ઉજ્જૈન (માળવા) કિંમત રૂા ૧-૪-૦

૨. **વસ્તુપાળચરિત્ર** જિનહર્ષગણિ વિરચિત (પદ્યાત્મકમ્)–આ ઐતિહાસિકગ્રંથ સંસ્કૃત ભાષામાં સં. ૧૭૯૩માં ચિત્રકૂટપુરમાં રચવામાં આવેલો છે અને સંપાદનનું કાર્ય પંન્યાસજી શ્રી કીર્તિમુનિરાજે કરેલ છે. શ્રી ક્ષાન્તિસૂરિ જૈન ગ્રંથમાળાના પાંચમા ગ્રંથ તરીકે પ્રગટ થયેલ છે. આ ગ્રંથમાં રસિક હોવા સાથે અંતર્ગત કથાઓ આપવામાં આવેલ છે. વસ્તુપાળ વીરધવલ રાજાના મંત્રી હતા ફકત મંત્રી નહિં પણ મહાન યોદ્ધા અને વસ્તુતઃ જૈન કવિ તથા સાહિત્યરસિક હતા. આખું ચરિત્ર વાંચવા યોગ્ય અને ઉપદેશક છે. પ્રતાકારે પ્રગટ થયેલ હોવાથી મુનિમહારાજ માટે વ્યાખ્યાનને માટે ઉપયોગી બનેલી છે. સારા કાગળો અને સુંદર ટાઇપમાં પ્રકટ થયેલ છે. કિંમત રૂા. ૨–૧૩–૦ મળવાનું ઠેકાણું મહુધા (ગુજરાત) શ્રી ક્ષાંતિસૂરિ જૈન ગ્રંથમાળાના કાર્યવાહકો.

૩. **સુયશ સ્તવનાવલી**—(આવૃત્તિ છઠ્ઠી) રચયિતા મુનિપ્રવર **શ્રીમદ્ યશોવિજયજી** મહારાજ. શ્રી **વિજયમોહન**સૂરિ મહારાજના પ્રશિષ્ય પં. ધર્મવિજયજી મહારાજના વિદ્વાન શિષ્ય શ્રી યશોવિજયજીના બનાવેલા હાલની પ્રચલિત નાટકોની તર્જની શૈલીએ રચેલા ભાવવાહી સ્તવનો છે. શ્રી યશોવિજયજી મહારાજની લઘુવય માત્ર એકવીશ વર્ષની હોવા છતાં તેમનો સંસ્કૃત–પ્રાકૃત ભાષા અને પ્રકરણોનું જ્ઞાન ઘણું સારું છે. બૃહત સંઘયણ જેવા અભ્યાસી ગ્રંથનું મૂળ અને ટીકાનું વિસ્તૃત ગુજરાતી ભાષામાં સરલ અને સાદું ભાષાંતર, ચિત્રોની સમજ સાથેનો પ્રકાશિત થયેલો ગ્રંથ તેની વિદ્વત્તાનો પુરાવો છે. કિંમત રૂા.૦–૨–૦ યોગ્ય છે.

૪. **'દિગંબર જૈન'માસિકનો આંતરજાતીય વિવાહાંક**– પ્રકાશક. મૂળચંદ કિસનદાસ કાપડીયા. સંપાદકે શાસ્ત્રીય પ્રમાણો આપી આંતરજાતીય લગ્ન વ્યાજબી છે તેમ જણાવ્યું છે. આ સવાલ મનુષ્યો-ધર્મીઓ, જ્ઞાતિઓ માટે તો વિચારણીય છે. ભૂતકાળમાં જ્ઞાતિ વચ્ચે વ્યવહાર નિયમિત ચાલે તે માટે દરેક જ્ઞાતિઓ અને સમાજમાં મોટી સંખ્યામાં મનુષ્યો હશે તે વખતે જરૂરીયાત નહિં હોય કે કદાચ અવનતિ જણાતી હશે અને યોગ્ય લાગે ધર્મી ધર્મીઓ, જ્ઞાતિએ જ્ઞાતિઓમાં વિવાહ થતા હશે અને થાય તે સમયાનુસાર યોગ્ય લાગ્યું હશે પરંતુ વર્તમાનકાળ અમુક સમાજ અને જ્ઞાતિઓમાં જનસંખ્યા ઘણી ઘટી જવાથી એક સમાજ કે જ્ઞાતિમાં કન્યા અછતે મનુષ્ય જિંદગીભર લગ્ન વગર રહે વળી તેજ રીતે વરની અછતે કન્યાને ગમે ત્યાં ગમે તેવા સાથે આપવી પડે કે લાંબી ઉમર થતાં વિવાહને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભાવે રહેણીકરણી કે આચારમાં ભ્રષ્ટતા થતી જાય તેવા સંયોગો બની જાય તેવી સ્થિતિમાં કોઇ પણ સમાજ કે જ્ઞાતિ એ સમયનો વિચાર કરી વ્યવહાર, આચારશુદ્ધિ માટે સમાજ અને જ્ઞાતિનું અધઃપતન થતું અટકાવવા સ્ત્રીપુરુષોનો સંસાર-વ્યવહાર શુદ્ધ ચલાવવા માટે કદાચ ભાણે ખપતી જ્ઞાતિઓ વિગેરે સાથે દિકરી લેવા-દેવાનો લગ્નવ્યવહાર કરવો ઉચિત લાગે છે, કોઇ પણ સમયે વ્યવહારની પ્રણાલિકા, રૂઢીઓ, રિવાજોને શુદ્ધ વ્યવહાર રાખવાની દષ્ટિએ જ્ઞાતિસમાજના વ્યવહારની અવનતિ વિગેરે અટકાવવા ( શાસ્ત્રીય બાદ ન આવે ) તેવા ફેરફારો દરેક સમાજ-જ્ઞાતિઓએ કરેલા હોય એમ ઇતિહાસવાચકોને જણાય છે આટલું પણ સમયોચિત ફેરફાર ન કરવામાં આવે તો પછી હાલમાં બનતા જ્ઞાતિને બાજુએ રાખી ભાણે ખપતી વાતની તિલાંજલી આપી, વ્યવહારનો ઉચ્છેદ કરી લાકડે માંકડે વરકન્યા ગમે તે જાતિ હોય તેવા લગ્નો વધી જાય એ સ્વાભાવિક છે કે જે વસ્તુ વ્યવહાર, આચારશુદ્ધિ સમાજ અને જ્ઞાતિઓનું વિશેષ અધઃપતન કરી જતાં છેવટ ધર્મને બાધા પહોંચે એમ જણાય છે.

૫. **શ્રી હેમચંદ્રાચાર્ય**-લેખક ન્યાયતીર્થ વિદ્યાભૂષણ ઇશ્વરલાલ જૈન, પ્રકાશક શ્રી આત્માનંદ જૈન ગુરુકુલ ગુજરાનવાલા, પંજાબ

હિંદી ભાષામાં તે ભાષાના જાણકાર માટે બહુ જ સુંદર અને ટુંકામાં લખેલ આ ચરિત્ર છે. લેખક પણ વિદ્વાન હોવાથી સુંદર ભાષામાં આલેખેલ છે. કિંમત બે આના. પ્રકાશકને ત્યાંથી મળશે.

૬. **સુબોધ કથા**-લેખક ગોપાળજી ઓધવજી ઠક્કર. લેખકે ધંધામાંથી ફારેગ થઇ નિવૃત્તિપરાયણ જીવન જીવી મનુષ્યના હિત માટે સરલ ગુજરાતી ભાષામાં આવા સુબોધક ગ્રંથો લખવાનો વ્યવસાય સ્વીકારેલો છે. તેઓના લખેલા પુસ્તકો સર્વમાનનીય છે-વાંચવા જેવા છે.

૭. **જ્ઞાનસાર**-ન્યાયવિશારદ શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયવિરચિત ( સ્વોપજ્ઞ ભાષાર્થના અનુવાદ સહિત ) સંપાદક પંડિત ભગવાનદાસ હરખચંદ.

ઉપાધ્યાયજી મહારાજ તાર્કિકશિરોમણિ, શાસ્ત્રજ્ઞ, સંસ્કૃત-પ્રાકૃત ભાષાના મહાન વિદ્વાન હોવાથી તેઓશ્રીએ તર્ક, આગમ, અધ્યાત્મ, યોગ વિગેરેના અનેક ગ્રંથો વિદ્વત્તાપૂર્ણ રચ્યા છે. તેઓના જેવા ત્યારપછી કોઇ વિદ્વાન થયા નથી. તે મહાન પુરુષે અધ્યાત્મના વિષય ઉપર આ જ્ઞાનસારની રચના કરી છે. આ ગ્રંથના અનુવાદો ઘણા થયા છતાં પંડિતજી ભગવાનદાસભાઈ જેવા વિદ્વાનના હાથે થયેલ આ અનુવાદ શુદ્ધ અને સરલ ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલ છે. ફુટનોટમાં શબ્દાર્થ આપવાથી અભ્યાસીઓને સરલતા કરી આપી છે. સર્વને નિરંતર મનનીય આ ગ્રંથ છે. મળવાનું સ્થળ શાહ હીરાલાલ દેવચંદ, પાનકોર નાકા-શારદા મુદ્રણાલય અમદાવાદ.

૮. **કલ્યાણ સાધન દિગ્દર્શન**—લેખક ન્યાયવિશારદ ન્યાયતીર્થ મુનિરાજ શ્રી **ન્યાયવિજયજી.**

માનવજીવનને હિતાવહ ધર્મોપદેશ-સરલ સદુપદેશ મળે તેવી સુંદર શૈલીમાં ધાર્મિક સંકુચિતતા દૂર કરવા આ ગ્રંથની રચના કરવામાં આવી છે. લેખક મુનિમહારાજના આવા ઉપદેશક દરેક ગ્રંથો મનનીય હોય છે. કિંમત ભેટ. પ્રકાશક ફૂલચંદ અમૃતલાલ શાહ, જૈન પુસ્તકાલય નવાપરા-જામખંભાળીયા.

# વર્તમાન સમાચાર

## ઉદ્યોગશાળાનું ઉદ્‌ઘાટન

અત્રેની શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળા કે જેનો વહીવટ શ્રી જૈન આત્માનંદ સભાને કમિટી તરફથી સુપ્રત કરવામાં આવેલ છે, તે પછી તે પ્રગતિશીલ બની છે. ભણતી બાળાઓની ઇચ્છાનુસાર હાલમાં ફાગણ શુદિ ૫ શુક્રવારના રોજ આ કન્યાશાળાના અંગે ઉદ્યોગશાળા તેની કમિટી તરફથી ખોલવામાં આવેલ છે, જેમાં શીવવા, વેતરવા વિગેરેનું કાર્ય તેના નિષ્ણાત સ્ત્રીશિક્ષિકા રાખી શરૂ કરવામાં આવેલ છે. આગળ ઉપર તેને સ્ત્રી ઉપયોગી હુન્નર-ઉદ્યોગ (ઘરગતુ) શીખવવા માટેનો કમિટીને પ્રબંધ કરવા વિચાર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

## સં. ૧૯૯૭ના કાર્તિક શુદ ૧ થી આસો વદિ ૦)) સુધીનો (૪૫ મો)

# વાર્ષિક રિપોર્ટ.

**આ** સભાને સ્થાપન થયાં ૪૬ વર્ષ થયાં છે. આપની સમક્ષ આ ૪૫ મા વર્ષનો રિપોર્ટ, આવકજાવક, હિસાબ સાથે રજૂ કરતાં અમોને હર્ષ થાય છે. અત્યાર સુધીમાં ગુરુકૃપાથી અનેક વિઘ્નોમાંથી પસાર થઇ, આજે તે ૪૬ મા વર્ષમાં પ્રવેશ કરે છે તે તેની પ્રૌઢ વય કહી શકાય. આ સભાનો જન્મ થવાનો મૂળ હેતુ પ્રાતઃસ્મરણીય શ્રી **વિજયાનંદસૂરીશ્વરજી** ( આત્મારામજી ) મહારાજના સ્મરણ નિમિત્તે હોવા છતાં ગુરુભક્તિ ખાસ છે. આ તો મૂળ સ્થાપનાનો હેતુ જણાવ્યો, પરંતુ સ્થાપન થયા પછી સભાએ જે ઉદ્દેશ નક્કી કરેલ અને ત્યારબાદ જરૂરીયાત પ્રમાણે તેમાં સુધારોવધારો કરતાં આ સભા જે પ્રગતિશીલ થઇ છે તેમાં આપ સર્વનો ફાળો છે; તેમ જ સ્વર્ગવાસી પૂજ્યપાદ ગુરુરાજ શ્રી **આત્મારામજી** મહારાજના પરિવારમંડળની કૃપા, સહાનુભૂતિ અને કિંમતી સલાહ પણ છે, તેથી જ સભાના ચાલતાં કેટલાક ખાસ કાર્યોથી તે આપણા સમાજમાં સારી પ્રતિષ્ઠા પામેલ છે.

સભાના ઉદ્દેશ પ્રમાણે કાર્ય કરવાની પદ્ધતિ, યોગ્ય વ્યવસ્થા, કરકસરવાળો વહીવટ, જનસમાજને બ્હોળા પ્રમાણમાં વાંચનનો લાભ આપનારી ફ્રી લાઇબ્રેરી, અપૂર્વ પ્રાચીન, અર્વાચીન સાહિત્યનું સુંદર પ્રકાશન અને તેને સ્થિતિ અને સંયોગના પ્રમાણમાં બ્હોળો પ્રચાર કરવાની વધતી જતી યોજના, 'આત્માનંદ પ્રકાશ' માસિકમાં આવતા લોકભોગ્ય લેખો, કેળવણીને ઉત્તેજન, શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળાનો વહીવટ અને તેને વ્યવસ્થિત કરવામાં આવતો ઉત્તમ પ્રયાસ, વિગેરે કાર્યોથી દિવસાનુદિવસ સભાસદોમાં થતો વધારો આ વિગેરે કાર્યોથી ગુરુભક્તિ, જ્ઞાનોદ્ધાર અને સમાજસેવા વિગેરેમાં ઉત્તરોત્તર થતી જતી અભિવૃદ્ધિથી આપણને સૌને આનંદ થાય તે સ્વાભાવિક છે.

આજ સુધીમાં સભા કેટલી પ્રગતિશીલ બની, કેટલી ગુરુભક્તિ, સાહિત્ય અને સમાજસેવા કરી તેનું માપ તો જૈન સમાજ જ કાઢી શકે. તે સર્વ કાર્યો ગુરુકૃપા, નિઃસ્વાર્થી કાર્યવાહકોએ અત્યાર સુધી પ્રમાણિકપણે કરેલી સેવા અને આપેલ એકસરખા સહકારથી અને બીજા સભ્યોએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રેમભરી બતાવેલ લાગણીથી તેનું ઉજ્જવલ ભાવી વર્તમાન સ્થિતિવડે જે જણાય તેથી સર્વ માનવંતા સભાસદોને આનંદ, ગૌરવ અને અભિમાન લેવા જેવું બને તે સ્વાભાવિક છે.

ઉપર જણાવ્યું તેમ સાહિત્યપ્રચાર, ઉદારતાપૂર્વક જ્ઞાનદાન અને ધાર્મિક, વ્યવહારિક બંને પ્રકારની કેળવણીની અભિવૃદ્ધિ ને ઉત્તેજન એ મુખ્ય કાર્યો મૂળ ઉદ્દેશ સાથે થતાં હોવાથી તે હકીકતો દરવર્ષે રિપોર્ટમાં જણાવવામાં આવે છે.

**ઉદ્દેશ અને હેતુ**—આ સભાનું સ્થાપન સં. ૧૯૫૨ ના બીજા જેઠ શુદ ૨ના રોજ સ્વર્ગવાસી ગુરુરાજ **શ્રી વિજયાનંદસૂરીશ્વરજી** મહારાજના સ્મરણાર્થે ગુરુભક્તિ નિમિત્તે કરવામાં આવેલ છે.

**ઉદ્દેશ**—જૈન બંધુઓ ધર્મ સંબંધી ઉચ્ચ જ્ઞાન પ્રાપ્ત કરે તેવા ઉપાયો યોજવા, ધાર્મિક અને વ્યવહારિક કેળવણીની વૃદ્ધિ માટે યથાશક્તિ પ્રયાસ કરવા, જૈન ધર્મના અત્યુપયોગી ગ્રંથો, આગમો, મૂળ, ટીકા, અવચૂરિ તેમજ ભાષાંતરના પ્રકટ કરી ભેટ, ઓછા મૂલ્યે કે સુલ્લ કિંમતે આપી જ્ઞાનનો બહોળો ફેલાવો (સાહિત્યનો પ્રચાર) કરી જૈન સાહિત્યની અભિવૃદ્ધિ તથા સેવા કરવા, જૈન વિવિધ સાહિત્યનું એક જ્ઞાનમંદિર* કરવા અને તેનાથી દરેકને સર્વ રીતે લાભ આપવા, ફ્રી (મફત) વાંચનાલય-લાઇબ્રેરીથી જનસમાજને વાંચન પૂરું પાડવા અને અન્ય જૈન લાઇબ્રેરીને યથાશક્તિ સહાય કરવા વિગેરે અને એવા બીજા જૈન શાસનની સેવાના દરેક કાર્યોમાં યથાશક્તિ ફાળો આપી સ્વપર જ્ઞાનવૃદ્ધિ કરવા વિગેરેથી આત્મોન્નતિ કરવાનો છે.

**જૈન પ્રાચીન સાહિત્ય**—શ્રી વસુદેવ હિંડિ, બૃહત્કલ્પસૂત્ર, કર્મગ્રંથ, યોગદર્શન, સુકૃતસંકીર્તન, ષડ્દર્શન સમુચ્ચય, કલ્પસૂત્ર સુબોધિકા, ઉત્તરાધ્યયનસૂત્ર, ધર્માભ્યુદય, કથારત્નકોષ વગેરે તત્ત્વજ્ઞાન, આગમ, ઇતિહાસ, નાટકો વિગેરે ગ્રંથોનું પ્રકાશન કે જે માટે પૂર્વ પાશ્ચિમાત્ય દેશોના અનેક વિદ્વાનોએ પ્રશંસા કરેલ છે, તેમજ હસ્તલિખિત પ્રતો વિગેરેનો જ્ઞાનભંડાર અને વિવિધ જૈન-જૈનેતર ગ્રંથોના સંગ્રહની ફ્રી લાઇબ્રેરી અને મફત વાંચનાલય એ ઉત્તમ કાર્યો તો શરૂ જ છે—પ્રગતિમાન છે. હજી ભવિષ્યમાં વિશેષ પ્રગતિશીલ બનાવવા આ સભાના મનોરથો છે.

આ સર્વ કાર્યો સાથે અતિ મહત્ત્વ અને અગત્યનું કાર્ય ચોખવટવાળો હિસાબ-વહીવટ રાખવો, મિલ્કતનું જામીનગીરીમાં રોકાણ કરવું, ચાલતા અને નવીન કાર્યો માટે પ્રયાસ કરવો એ સર્વ વિશિષ્ટ કાર્ય છે, તે જેટલું ચોખવટવાળું તેટલો સમાજનો વધારે વિશ્વાસ ઉત્પન્ન કરનારું છે. ધાર્મિક સંસ્થાનું નાણું વ્યાપારીવર્ગ કરતાં સારી જવાબદારીવાળી સીકયુરીટી કે સ્થાવર મિલ્કતમાં રોકવામાં આવે તો જ પૂરતી સલામતી તેની ગણાય, તેમ ધારી આ સભાના નાણાં તે જ રીતે મૂકવામાં આવે છે. હવે આ રિપોર્ટવાળા વર્ષમાં સભાએ શું શું કાર્ય કર્યું તે જણાવવા રજા લઇએ છીએ.

---

* ઘણા વર્ષોથી જ્ઞાનમંદિરની સ્થાપના કરવા માટે આ સભાના ઉદ્દેશમાં જણાવવામાં આવે છે, પરંતુ સં. ૧૯૯૦ની સાલના ચૈત્ર મહિનામાં સભાના મકાનને લગતું એક મકાન સભાએ તે માટે વેચાણ લીધું છે. હવે તેને જ્ઞાનમંદિરને યોગ્ય બનાવવા રૂા. ૫૦૦૦)ની જરૂરીયાત છે. સભાની એવી ઇચ્છા છે કે તેટલી રકમ આપનાર ઉદાર જૈન બંધુનું નામ તે બીલ્ડીંગ સાથે જોડવું. વળી સભા પાસે હસ્તલિખિત પ્રતો ૧૭૨૩ તો સભામાં છે. છાપેલા આગમો, પ્રતો, બુકો વિગેરેનો સંગ્રહ પણ સભામાં પૂરતો છે, સ્થાન-અનુષ્ઠાન તૈયાર છે પરંતુ તે મકાનને જ્ઞાનમંદિરને યોગ્ય બનાવવા પુણ્યવાન જૈન બંધુઓ પાસે ઉપર મુજબ આર્થિક સહાય માટે નમ્ર માગણી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બંધારણ—પેટ્રન સાહેબ, પહેલા વર્ગના લાઇફ મેમ્બરો, બીજા વર્ગના લાઇફ મેમ્બરો અને વાર્ષિક મેમ્બરો** એમ ચાર પ્રકારનું છે. અને સભાસદ બંધુઓના હક્કો, ફરજ અને સભાસદ બંધુઓને સભા તરફથી આર્થિક, વ્યવહારિક અને પ્રગટ થતાં અનેક ગ્રંથો ભેટ મળવાથી થતો ધાર્મિક લાભ આ રિપોર્ટમાં સંક્ષિપ્તમાં આપવામાં આવેલ છે. અને તેને લગતા ધારાધોરણ તેમ જ લાઇબ્રેરી અને જ્ઞાનભંડારના ધારાધોરણ જેમાં ઘણો જ સુધારોવધારો કરવામાં આવેલ છે.

## જનરલ કમિટી.

ગત વર્ષ આખરે ૮ પેટ્રન સાહેબો, ૯૮ પહેલા વર્ગના લાઇફ મેમ્બરો, ૨૨૨ બીજા વર્ગના લાઇફ મેમ્બરો, ૯ ત્રીજા* વર્ગના લાઇફ મેમ્બરો, ૪૨ વાર્ષિક મેમ્બરો, મળી કુલ ૩૭૯ સભાસદો હતા. તેમાં સ્વર્ગવાસ પામેલા ને કમી થયેલા બાદ કરતાં અને નવા થયા તે ઉમેરતાં ૮ પેટ્રન સાહેબો, ૯૫ પહેલા વર્ગના લાઇફ મેમ્બરો, ૨૩૮ બીજા વર્ગના લાઇફ મેમ્બરો, ૯ ત્રીજા વર્ગના લાઇફ મેમ્બરો, ૪૮ વાર્ષિક મેમ્બરો મળી કુલ ૩૯૮ મેમ્બરો છે. તેમાં ૨૪૨ બહારગામના અને ૧૫૬ ભાવનગરના છે. અમુક ગામના સંઘો, સંસ્થાઓ પણ સભ્યો છે. સં. ૧૯૯૮ ની સાલમાં સભ્યોનો જે વધારો થયેલ છે તે હવે પછીના રિપોર્ટમાં આવશે.

## પેટ્રન સાહેબોના મુબારક નામો.

૧ બાબુસાહેબ શ્રી બહાદુરસિંહજી સિંઘી.
૨ શેઠ ચંદુલાલ સારાભાઇ મોદી બી. એ.
૩ રાવસાહેબ શેઠ કાંતિલાલ ઇશ્વરલાલ જે. પી.
૪ શેઠ માણેકચંદ જેચંદભાઇ.
૫ શેઠ નાગરદાસ પુરુષોત્તમદાસ.
૬ શેઠ રતિલાલ વાડીલાલ.
૭ શેઠ માણેકલાલ ચુનીલાલ જે. પી.
૮ શેઠ કાંતિલાલ બકોરદાસ.

## મેનેજીંગ કમિટી (સં. ૧૯૯૭ સુધીની)

### પ્રમુખ.

શેઠ ગુલાબચંદ આણંદજી.

### ઉપપ્રમુખ.

શાહ દામોદરદાસ દીયાળજી.

### ટ્રેઝરર.

શેઠ અમૃતલાલ છગનલાલ.

### સેક્રેટરીઓ.

૧. ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ.
૨. શેઠ હરજીવનદાસ દીપચંદ.
૩. શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ.

* આ વર્ગ ઘણા વરસથી બંધ કરેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સભાસદો.

૧. શેઠ દેવચંદ દામજી કુંડલાકર
૨. શાહ ગુલાબચંદ લલ્લુભાઈ
૩. શાહ ચમનલાલ ઝવેરભાઈ
૪. શાહ નગીનદાસ ઉત્તમચંદ
૫. વકીલ કચરાલાલ નાનજીભાઈ બી. એ. એલએલ. બી.
૬. શાહ દીપચંદ જીવણભાઇ બી.એ.બી.એસ.સી.
૭. શાહ દેવચંદ દુર્લભજી
૮. સંઘવી અમરચંદ ધનજીભાઈ
૯. શાહ કાંતિલાલ ભગવાનદાસ (ઓ. લાઇબ્રેરીયન)

---

## કાર્યો.

**૧. ફ્રી લાઇબ્રેરી અને રીડિંગ રૂમઃ**--જૈન-જૈનેતરોને ફ્રી (મફત) લાભ આપવામાં આવે છે. વિવિધ સાહિત્યના પુસ્તકોનો સંગ્રહ નવ વર્ગોમાં કરેલો છે. તેમ જ ન્યુસપેપરો ઉપયોગી અને વાંચવા લાયક દૈનિક, અઠવાડિક, પખવાડિક, માસિક, ત્રિમાસિક, અંગ્રેજી, ગુજરાતી, હિંદી વિગેરે બાવન આવે છે, જેનો આ શહેરનાં સંખ્યાબંધ મનુષ્યો ફ્રી દરરોજ લાભ લે છે. અત્રેના, બહારગામના તેમજ પાશ્ચિમાત્ય વિદ્વાનો આ સભાની વિઝીટ લઈ ગયેલ છે અને લાઇબ્રેરી માટે પ્રશંસા કરેલ છે. આ શહેરમાં તો તે પ્રથમ દરજ્જો ધરાવે છે. હજી વિશેષ વૃદ્ધિ માટે પ્રયત્ન ચાલુ છે.

## લાઈબ્રેરીના વર્ગો.

સં. **૧૯૯૭** ની આખર સુધીમાં કુલ પુસ્તકો **૯૦૬૮** રૂા. ૧૫૭૭૮-૧૩-૦ ના છે, જેની કિંમત નીચે પ્રમાણે આપવામાં આવેલ છે.

વર્ગ ૧ લો કુલ ૨૪૫૪ **જૈનધર્મનાં છાપેલાં પુસ્તકો** કિં. રૂા. ૩૨૫૨-૦-૦
વર્ગ ૧ અ કુલ ૬૪૭ **જૈન ધર્મની છાપેલી પ્રતો** કિં. રૂા. ૧૧૭૬-૦-૦
વર્ગ ૨ જો કુલ ૨૮૯ **જૈન ધર્મનાં છાપેલાં આગમો** કિં. રૂા. ૧૫૬૦-૧૩-૦
વર્ગ ૩ જો કુલ ૧૭૨૩ (૧૯૭+૧૩૨૫+૨૦૧*) **જૈન ધર્મની હસ્તલિખિત પ્રતો** શુમારે પચાસ હજાર રૂપિયાથી વધારે કિંમતની.
વર્ગ ૪ થો કુલ ૪૨૬ **સંસ્કૃત છાપેલા ગ્રંથો** કિં. રૂા. ૧૩૧૦-૦-૦
વર્ગ ૫ મો કુલ ૩૨૧૪ **નીતિ નોવેલ વિગેરેના વિવિધ સાહિત્યના ગ્રંથો** કિં. રૂા. ૪૫૭૨)
વર્ગ ૬ ઠ્ઠો કુલ ૨૦૨ **અંગ્રેજી પુસ્તકો** કિં. રૂા ૬૦૨-૦-૦
વર્ગ ૭ મો કુલ ૧૧૩૦ **માસિકની ફાઇલ અને દિવાળીના ખાસ અંકો** કિં. રૂા. ૨૬૭૬)
વર્ગ ૮ મો કુલ ૨૭૯ **હિંદી સાહિત્યના પુસ્તકો** કિં. રૂા. ૫૪૦-૦-૦
વર્ગ ૯ મો કુલ ૨૩૦ **બાલવિભાગના પુસ્તકો** કિં. રૂા. ૯૦-૦-૦

---

* શ્રી લબ્ધિવિજયજી મહારાજે પોતાની હૈયાતિમાં પોતાના સંગ્રહીત પુસ્તકો, હસ્તલિખિત પ્રતો સભાને સુપ્રત કરેલ છે, તેમાંથી છાપેલા જૈન ધર્મના અને અન્ય તમામ ગ્રંથો પુના શહેરમાં શ્રી આત્માનંદ જૈન લાઇબ્રેરીને સભા તરફથી શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાનુસાર ભેટ મોકલવામાં આવ્યા છે અને લખેલી પ્રતો અત્રે સભાના જ્ઞાનભંડારમાં સદ્ગતની આજ્ઞા મુજબ રાખેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૨. સભાનું વહીવટી-નાણાં પ્રકરણી ખાતુઃ**—સભાનો વહીવટ સહજ રીતે સમજી શકાય તે માટે જુદા જુદા ખાતાઓથી ચલાવવામાં આવે છે જેથી ઉપજ-ખર્ચ જાણવામાં આવી શકે. તે હિસાબ સરવૈયા સાથે પાછળ આપવામાં આવેલ છે.

**૩. સભાનું વહીવટી ( જેનો વહીવટ સભા કરે છે તે ) તથા માલીકી જૈન સાહિત્ય પ્રકાશન ખાતું:—વિવિધ જૈન સાહિત્ય અને જ્ઞાનોદ્ધારના પ્રચાર માટે પ્રાચીન સંસ્કૃત, માગધી, મૂળ ટીકાના ગ્રંથો; જૈન ઐતિહાસિક ગ્રંથો, જૈન આગમો, કર્મવિષયક ગ્રંથો, ગૂજરાતી ભાષાંતરના ગ્રંથો, વિગેરે પ્રસિદ્ધ કરવાનું બ્હોળી સંખ્યામાં શરૂ રહેલ કાર્ય** નીચેનાં પાંચ પ્રકારે આ સભાનું સાહિત્ય-પુસ્તક પ્રકાશનખાતું છે.

૧. **શ્રી આત્માનંદ સંસ્કૃત જૈન ગ્રંથ રત્નમાળા**—જેમાં સંસ્કૃત, પ્રાકૃત માગધી, મૂળ ટીકાના ગ્રંથો પ્રકટ થાય છે.

૨. **પ્રવર્ત્તજી શ્રી કાંતિવિજયજી જૈન** ઐતિહાસિક ગ્રંથોનું પ્રકાશન થાય છે.

૩. **શ્રી આત્મારામજી જન્મ શતાબ્દિ સિરિઝ**—શ્રી શતાબ્દિ (૧૯૯૨) મહોત્સવના સ્મરણ નિમિત્તે, જેમાં પ્રાચીન સંસ્કૃત, પ્રાકૃત યા ગુજરાતી ભાષાના ગ્રંથો પ્રસિદ્ધ થાય છે. જેમાં સાત ગ્રંથો પ્રસિદ્ધ થયા છે, અને બીજા નવા ગ્રંથોની યોજના શરૂ છે. ૧ ત્રિષષ્ઠિ-શલાકાપુરુષચરિત્ર પર્વ ૨ થી ૧૦ છપાય છે. ૨ ધાતુપારાયણ, ૩ વૈરાગ્ય કલ્પલતા ( શ્રી યશોવિજયજીકૃત પ્રાકૃત વ્યાકરણ ઢુંઢિકાવૃત્તિ ) તૈયાર થાય છે.

૪. **સિરિઝ તરીકે મદદથી** છપાતાં ભાષાંતરના ગ્રંથો.

૫. **સભાના પોતાના તરફથી**—પ્રગટ થતા ગ્રંથો મુદ્દલ કિંમતે કે ઓછી કિંમતે આપવામાં આવે છે.

અત્યાર સુધીમાં ઉપરોક્ત જણાવેલ ગ્રંથો ધારા પ્રમાણે સભાસદોને ભેટ આપવામાં આવેલ છે, જેથી એવા ગ્રંથોની તેઓ સાહેબ એક સારી લાઇબ્રેરી કરી શકયા છે જે હજારોની કિંમતના થાય છે.

આ વર્ષમાં લાઇફ મેમ્બરોને શ્રી વાસુપૂજ્ય ચરિત્ર તથા પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ્ આચાર્ય મહારાજશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિ સ્મારક ગ્રંથ સભાના લાઇફ મેમ્બરોને ભેટ આપવા માટે કૃપા દર્શાવેલી, જેથી તે ગ્રંથ ભેટ આપતાં અમારા માનવંતા લાઇફ મેમ્બરોને ઘણો જ આનંદ થયેલ છે. તે ઉપરાંત દેવસિરાઈ પ્રતિક્રમણ સૂત્રાર્થ, સ્તવન સંગ્રહ તથા નવસ્મરણાદિ સંગ્રહ મળી કુલ પાંચ ગ્રંથો ભેટ આપેલ છે.

અત્યાર સુધીમાં મુનિમહારાજો, જ્ઞાનભંડારો, પાશ્ચિમાત્ય વિદ્વાનો અને સંસ્થાઓને કુલે મળી રૂ. ૨૧૪૨૭-૬-૬ ની કિંમતના ગ્રંથો સભાએ ( તદ્દન ફ્રી ) ભેટ આપેલા છે. અડધી, અલ્પ કે ઓછી કિંમતે પણ આપેલા છે. લાઇફ મેમ્બરોને અત્યાર સુધીમાં આપેલા ગ્રંથોની પણ હજારોની સંખ્યાની રકમ થાય છે તે જુદા છે. આ બધું ગુરુકૃપાથી થતું હોવાથી અમોને આનંદ થાય છે. હજુ તેવું પ્રકાશન અને ભેટનું કાર્ય સંયોગ પ્રમાણે ચાલુ છે અને ચાલુ રહેશે, જેથી આ સભાની પ્રતિષ્ઠા, ગૌરવ અને જ્ઞાનભક્તિમાં પ્રશંસા સાથે વધારો થતો જાય છે.

**શ્રી આત્માનંદ સંસ્કૃત જૈન ગ્રંથમાળા સિરિઝ**—સં. ૧૯૯૭ ની આખર સાલ સુધીમાં પ્રાકૃત, સંસ્કૃત મૂળ ટીકા વિગેરે વિવિધ સાહિત્ય અને આગમોના મળી કુલ ૮૯ ગ્રંથો પ્રકટ થયા છે. નવા ગ્રંથોનું કાર્ય નીચે પ્રમાણે શરૂ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વસુદેવહિંડિનો ત્રીજો ભાગ, બૃહત્કલ્પસૂત્રનો છઠ્ઠો ભાગ અને કથારત્નકોષ શ્રી દેવભદ્રસૂરિકૃત, શ્રી નિશિથચૂર્ણીસૂત્ર ભાષ્ય સહિત** તથા **શ્રી મલયગિરિ વ્યાકરણ** અને બીજા કાર્યોની યોજના શ્રી આત્માનંદ સંસ્કૃત જૈન ગ્રંથમાળાના કાર્ય માટે શરૂ છે.

છપાતાં કથારત્નકોષ ગ્રંથ મૂળમાં અનેક અનુપમ નહિ પ્રગટ થયેલ કથાઓ છે, જેથી પરમ ઉપકારક મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજની ઇચ્છા તેનું ગુજરાતી ભાષાંતર પ્રગટ થાય તો જૈન સમાજને ઉપકારક થાય એમ જણાતાં જેથી તે કૃપાળુશ્રીની કૃપાવડે યોજના થઇ ગયેલ છે, તે કાર્યની પણ શરૂઆત થઇ ચૂકી છે. મૂળ પણ છપાય છે.

૨. પ્રવર્તકજી શ્રી કાંતિવિજયજી ગ્રંથમાળાના ઐતિહાસિક સાત ગ્રંથો પ્રકટ થઇ ગયા છે. હાલ તે કામ સંયોગવશાત્ મુલતવી રહેલ છે.

---

## નીચેના ગુજરાતી ગ્રંથો છપાય છે.

**શ્રી સંઘપતિ ચરિત્ર ભાષાંતર** (ધર્માભ્યુદય) તથા **શ્રી આદિનાથ પ્રભુ ચરિત્ર, (પદ્માનંદ મહાકાવ્ય)** છપાય છે. સભા તરફથી ગ્રંથો અત્યાર સુધી અઠયોતેર છપાયા છે, બીજા નવા ગ્રંથોની યોજના શરૂ છે.

જ્યારે જ્યારે ગ્રંથો પ્રસિદ્ધ થાય ત્યારે ત્યારે તેની જાહેર ખબર 'આત્માનંદ પ્રકાશ'માં અપાય છે અને વધારે સંખ્યા ( ચાર-પાંચ ) તૈયાર થાય ત્યારે જ અમારા માનવંતા લાઇફ મેમ્બરોને "આત્માનંદ પ્રકાશ" દ્વારા પ્રથમ સૂચના કર્યા પછી ભેટ મોકલવામાં આવે છે.

---

## જૈન બંધુઓ અને બહેનો તરફથી પ્રકટ થતી સિરિઝ-ગ્રંથમાળા.

સંવત ૧૯૯૭ સુધીમાં ૧૮ ગૃહસ્થો તથા બહેનો તરફથી સિરિઝના ધારા પ્રમાણે રકમ આવતા ગ્રંથો પ્રગટ થયા છે. આ મળેલી સિરિઝ માટેની આવેલી રકમોની હકીકત "આત્માનંદ પ્રકાશ" માં પ્રગટ થાય છે. નવી મળેલી તે સિરિઝની રકમોના ગ્રંથોના નામ સાથે હવે પછી માસિકમાં પ્રગટ થશે.

---

**૪. ધાર્મિક અને વ્યવહારિક કેળવણીને ઉત્તેજન**-દર વર્ષે રૂ. ૨૦૦) જૈન વિદ્યાર્થીઓને સ્કોલરશીપ તરીકે, રૂા. ૧૨૫) શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળાને મદદના મળી શુમારે સવાત્રણસો રૂપિયા અપાય છે. અનુકૂળતાએ વિશેષ આપવા સભાની શુભ આકાંક્ષા છે.

---

**૫. શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળા**-નો વહીવટ સભાને તેની કમિટી તરફથી સુપ્રત થયેલ હોવાથી ધાર્મિક શિક્ષણને સહાય તેમજ મદદ આપવા સાથે કરે છે.

---

**૬. શ્રી આત્માનંદ પ્રકાશ**-માસિક ૩૯ વર્ષથી પ્રકટ કરવામાં આવે છે. તેમાં ઉત્તમ લેખો, પુસ્તકોની સમાલોચના, વર્તમાન સમાચારો વિગેરે આપવામાં આવે છે માસિકની સાઇઝ, સુંદરતામાં મોટો ખર્ચ કરી વધારો કરવામાં આવ્યો છે અને લેખોની સામગ્રીમાં પણ વૃદ્ધિ થઇ છે, તે માટે **લેખકોનો આભાર** માનવામાં આવે છે અને સારા સારા અનેકવિધ સાહિત્યના ઉત્તમ ગ્રંથો વધારે ખર્ચ કરી માસિકની આવક કે કમાણીની દરકાર નહિ રાખતાં ગ્રાહકોને ભેટ અપાય છે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૭. સ્મારક ફંડો**—આ સભા હસ્તક શ્રીયુત્ મૂળચંદ નથુભાઇ કેળવણી ઉત્તેજન સ્મારક ફંડ, બાબુ પ્રતાપચંદજી ગુલાબચંદજી સ્કોલરશીપ ફંડ, કેળવણી મદદ ફંડ, શ્રીયુત્ ખોડીદાસ ધરમચંદ નિરાશ્રિત મદદ ફંડો ચાલે છે, જેમાં તેના ઉદ્દેશ પ્રમાણે તે તે ખાતા તરફથી સ્કોલરશીપ વિગેરે સહાયો દરવર્ષે અપાય છે.

---

**૮. જયંતિઓ**:-(૧) પ્રાતઃસ્મરણીય ગુરુરાજ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની જેઠ શુદ ૮ ના રોજ શ્રી **સિદ્ધાચળજી** ઉપર દરવર્ષે પૂજા ભણાવી દાદાજીની આંગી રચાવવામાં આવે છે તથા મેમ્બરોનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવે છે. તેના ખર્ચ માટે એક રકમ રાધનપુરવાળા શેઠ સકરચંદભાઇ મોતીલાલભાઇએ તેમના પિતાશ્રી **શેઠ મોતીલાલ મૂળજી**ના સ્મરણાર્થે આપેલ છે તેના વ્યાજમાંથી જયંતિ ઉજવવામાં આવે છે. (૨) પૂજ્યપાદ ગુરુવર્ય મૂળચંદજી મહારાજની જયંતિ માગશર વદિ ૬, (૩) શાંતમૂર્તિ શ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજની જયંતિ આસો શુદ ૧૦ ના રોજ આ શહેરમાં દેવગુરુભક્તિ–પૂજા–સ્વામીવાત્સલ્ય વિગેરેથી દરવર્ષે તે તે ખાતે આવેલી રકમના વ્યાજમાંથી સભા તરફથી ઉજવાય છે.

---

**૯. સભાની વર્ષગાંઠ**—દર વર્ષે જેઠ શુદ ૭ ના રોજ સભાના મકાનમાં પ્રભુ પધરાવી પૂજા ભણાવવા વિગેરેથી દેવગુરુભક્તિ કરવા સાથે **વોરા હઠીસંગભાઇ ઝવેરચંદે** આપેલી એક રકમના વ્યાજ, તેમજ તેમના તરફથી વધારાની કબૂલ કરાયેલ રકમના દરવર્ષે તેમના તરફથી આપવામાં આવતી વ્યાજની રકમવડે સ્વામીવાત્સલ્ય સહિત ઉજવવામાં આવે છે.

---

**૧૦. જ્ઞાનભક્તિ**—દરવર્ષે સભાના મકાનમાં જ્ઞાનપંચમીને દિવસે જ્ઞાન પધરાવી જ્ઞાનભક્તિ કરવામાં આવે છે.

---

**૧૧. આનંદમેલાપ**—દર બેસતે વર્ષે જ્ઞાનપૂજન કર્યા પછી આ સભાના પ્રમુખ **શેઠ ગુલાબચંદભાઇ આણંદજી** તરફથી આવેલ રકમના વ્યાજમાંથી સભાસદોને દૂધપાર્ટી આપવામાં આવે છે.

---

**૧૨. જૈન બંધુઓને મદદ**—મદદ આપવા યોગ્ય જૈન બંધુઓને, સભાને અમુક બંધુઓ તરફથી આવેલ રકમમાંથી સગવડ પ્રમાણે આર્થિક સહાય સભા આપે છે.

---

# મીટિંગોનો અહેવાલ.

## મેનેજીંગ કમિટી (૧)

### સં. ૧૯૯૭ ના માગશર વદિ ૨ તા. ૧૬–૧૨–૪૦

(૧) મુનિરાજશ્રી ભક્તિવિજયજી મહારાજનો ભંડાર કે જે આ સભાને સર્વ હક સાથે સુપ્રત થયેલ છે, તેના ધારાધોરણ વાંચી સંભળાવવામાં આવ્યા અને તે પસાર કરવામાં આવ્યા તેમજ તે છપાવવાની મંજૂરી આપવામાં આવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨) તે ભંડારની રક્ષક કમિટી તરીકે ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ અને શાહ કાંતિલાલ ભગવાનદાસની નિમણુંક કરવામાં આવી અને તે માટે રૂા. ૨૫ સુધીનો ખર્ચ કરવાની સત્તા આપવામાં આવી.

## શ્રી ભક્તિવિજયજી જ્ઞાનભંડારના ધારાધોરણ.

૧. આ ભંડારનું નામ શ્રી ભક્તિવિજયજી જ્ઞાનભંડાર આપવું.

૨. આ ભંડારની સંપૂર્ણ માલેકી સભાની હોવાથી ગમે તેવા સગવડ અને સંરક્ષણ પૂરતા ધારાધોરણમાં સુધારોવધારો કે નવા કરી શકશે અને તે પ્રમાણે મેનેજીંગ કમિટી અને તે માટે નિમાયેલ કમિટી અમલ કરી શકશે.

૩. કોઈપણ સભ્યને તે માંહેની કોઈપણ પ્રત વાંચવા જોઈતી હોય તો તે સભાના મકાનમાં બેસી વાંચી શકશે.

૪. કોઈપણ સાધુ મુનિરાજને વાંચવા–ભણવા માટે કે કોઈ જૈન કે જૈનેતર સાક્ષરો કે નવા ગ્રંથલેખકને પોતે કોઇ પણ ગ્રંથ પ્રકાશન માટે લખતા હોય અને તેને આ ભંડારની પ્રતની જરૂર પડે તો માત્ર એક જ પ્રત મોકલી શકાશે અને તે પ્રત આખી નહિ મોકલતાં અડધી મોકલાશે અને તે અડધી પાછી આવ્યા પછી બાકીની અડધી મોકલી શકાશે અને તે સાથે રૂા. ૨૫) અથવા કમિટીને જરૂર લાગે તો તેથી વધારે ડીપોઝીટ લેવામાં આવશે અને તે રકમ સભાએ મોકલેલ પ્રત પાછી સુપ્રત થતાં સુધી કે મંગાવવાનું બંધ થતાં મંગાવનારની ડીપોઝીટ રકમ પાછી આપવામાં આવશે.

૫. મોકલેલ પ્રતનું પાનું કે પાનાઓ ગુમ થશે કે એકાદ પાનું બગડશે યા ખરાબ થશે, શાહીના ડાઘા વિ. પાડી ખરાબ કરશે તેને અંગે લીધેલ ડીપોઝીટ રકમમાંથી તે નુકશાની વસુલ કરવામાં આવશે તેમ ફરી કોઈ પણ પ્રત આપવામાં આવશે નહિ.

૬. વધારેમાં વધારે તે પ્રત એક મહિના સુધી રાખી શકાશે, તેમ છતાં વધારે જરૂર હશે તો વધારે રાખવા માટે કમિટીની મંજુરી મેળવવી પડશે અને ત્રણ મહિનાથી વધારે રાખવા દેવામાં આવશે નહિ.

૭. કલમ ૪થીમાં જણાવ્યા પ્રમાણે બહારગામથી કોઈ જે પ્રત મંગાવશે તેનો આવતાજતાનો ખર્ચ મંગાવનારે આપવો પડશે.

૮. મુનિરાજ શ્રી ભક્તિવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજશ્રી જસવિજયજી મહારાજ તેમની હૈયાતીમાં કોઈપણ પ્રત આ ભંડારની મંગાવે તો સભાના ખર્ચે મોકલવામાં આવશે, પરંતુ તેઓશ્રી બીજે કોઈ સ્થળે બીજી કોઇ વ્યક્તિને પોતાની જવાબદારીથી મોકલવાનું જણાવશે તો આવતા જતા જ્યાં મોકલવાની હોય અથવા જેને મોકલવાની હોય તેના ખર્ચે ધારા પ્રમાણે મોકલવામાં આવશે.

૯. સેક્રેટરી ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ તથા શાહ કાંતિલાલ ભગવાનદાસ (ઓ. લાઈબ્રેરીયન)ની તે માટે એક ખાસ કમિટી નીમવામાં આવેલ છે જે આ ભંડારના ધારા પ્રમાણે અમલ કરશે.

૧૦. આ ભંડારનું સંરક્ષણ કરતા કબાટ, ડાબડા, પાટલી, બંધન–વિગેરે યોગ્ય રીતે રહે તે માટેનો દર વર્ષે રૂા. ૨૫) સુધીનો ખર્ચ કરવાનો ખાસ હક આ કમિટીને રહેશે અને ખર્ચ કર્યા બાદ પછીની મેનેજીંગ કમિટીમાં જાણ માટે તેમાં રજૂ કરવું પડશે.

૧૧. તેના ઉપર સંરક્ષણ તરીકેની ખાસ દેખરેખ લાઇબ્રેરીયનની રહેશે.

(૩) ચાર વાર્ષિક મેમ્બરોના વિનંતિપત્રો મંજૂર કરવામાં આવ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૪) સં. ૧૯૯૬ની સાલનો રિપોર્ટ વાંચતા આ સભાના સેક્રેટરી શ્રીયુત વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધીએ જણાવ્યું કે–

પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજશ્રીની ૭૧મી જન્મતિથિ ( સં. ૧૯૯૭ કારતક શુદિ ૨ ) પ્રસંગે આ સભાના પેટ્રન સાહેબો તથા લાઈફ મેમ્બરોને "શ્રી આત્માનંદ જન્મશતાબ્દિ સ્મારક (ગ્રંથ) અંક" ભેટ આપવા તેઓશ્રીને વિનંતિ કરતા તેઓશ્રીએ આ વિનંતિ સ્વીકારી સભાના લાઇફ મેમ્બરોને તે ગ્રંથ ભેટ આપવા જણાવેલ છે, જે માટે આ સભા આચાર્ય મહારાજનો આભાર માને છે તથા શેઠશ્રી માણેકલાલભાઇ ચુનીલાલ જે. પી. ની સિરિઝનો ગ્રંથ "શ્રી વાસુપૂજ્ય ચરિત્ર" તૈયાર થઈ ગયેલ છે તે ગ્રંથ પણ આ સભાના લાઇફ મેમ્બરોને ભેટ આપવાનો છે તથા શેઠ વાડીલાલ ચત્રભુજ તરફથી આવેલ "નવસ્મરણાદિ સ્તોત્ર સંગ્રહ"ની બુક પણ ભેટ આપવાની છે. તે સિવાય "દેવસિરાઇ પ્રતિક્રમણ સૂત્ર" તથા "સ્તવન સંગ્રહ" વિ. મળી કુલ પાંચ ગ્રંથો ભેટ આપવાના છે તેમજ વાર્ષિક મેમ્બરોને પણ દેવસિરાઇ પ્રતિક્રમણ સૂત્ર સાથે નવસ્મરણ તથા સ્તવન સંગ્રહ એમ ત્રણ પુસ્તકો ભેટ આપવાના છે જે ખુશી થવા જેવું છે.

સભા તરફથી છપાતા ધર્માભ્યુદય (શ્રી સંઘપતિ ચરિત્ર મૂળ) ગ્રંથની સાક્ષરવર્ય શ્રી જિનવિજયજી સાહેબ મારફત શ્રી ટાગોર વિશ્વવિદ્યાલયમાં આ સભાના પેટ્રન સાહેબ બાબુ સાહેબ શ્રી બહાદુરસિંહજી સિંધિ સાહેબે પ્રાચીન સાહિત્ય પ્રગટ કરવા આપેલ રકમમાંથી પ્રગટ થતા પ્રાચીન સાહિત્ય ઉપયોગી ગ્રંથોની વૃદ્ધિમાં આ ગ્રંથ સાક્ષરવર્ય સંપાદક શ્રી જિનવિજયજીની પ્રગટ કરવા માગણી થતાં સભાએ તેનો સ્વીકાર કરેલો છે જે માટે સભા પોતાનો આનંદ વ્યક્ત કરે છે. આ ઉત્તમ ગ્રંથનું ભાષાંતર તૈયાર થાય છે. તૈયાર થયે સભા તરફથી પ્રગટ થશે.

અંતમાં સભાની પ્રગતિનો સંપૂર્ણ ખ્યાલ આપતી ટૂંકી રૂપરેખા કહી સંભળાવી રિપોર્ટ (સં. ૧૯૯૬) ગયા વર્ષનો, સં. ૧૯૯૬ની સાલનું સરવૈયું, બજેટ રજૂ કરવામાં આવ્યું અને તે સર્વ પસાર કરવામાં આવ્યું અને ધારા મુજબ જનરલ મીટિંગમાં રજૂ કરવા ઠરાવવામાં આવ્યું.

(૫) સભાની ખ્યાતિને લીધે અનેક જૈન જૈનેતર વિદ્વાન ગૃહસ્થો સભાની મુલાકાતે આવે છે જેથી તેમને બેસાડવા માટે સારા ખુરશી ટેબલ લેવાના ખર્ચ માટે રૂ. ૭૫)ની મંજૂરી આપવામાં આવી.

## જનરલ મીટિંગ (૧)

સં. ૧૯૯૭ના પોષ શુદિ ૩ મંગળવાર. તા. ૩૧–૧૨–૪૦

(૧) સં. ૧૯૯૬ની સાલનો રિપોર્ટ તથા સરવૈયુ, તથા બઝેટ મેનેજીંગ કમિટીમાં પસાર થયેલ રજૂ કરવામાં આવ્યું અને તે પસાર કરવામાં આવ્યું અને તે છપાવવાની અને માસિકમાં દાખલ કરવાની મંજૂરી આપવામાં આવી.

( ૨ ) આ સભાને સ્થાપન થયાં આજે ૪૫ વર્ષ થયા છે. દરેક પ્રગતિશીલ સંસ્થાની જ્યુબીલી ઉજવાય છે. અને આ સભાની સિલ્વર જ્યુબીલી પણ ઉજવેલ નથી તો આ વખતે તેની ગોલ્ડન જ્યુબીલી ઉજવવા માટે શેઠ હરિલાલ દેવચંદની દરખાસ્ત અને શેઠ અમૃતલાલ છગનલાલના અનુમોદનથી જ્યુબીલી ઉજવવી તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. તે કાર્યની રૂપરેખા તૈયાર કરી લાવવા માટે નીચેના સભ્યોની કમિટી નીમવામાં આવી.

( ૧ ) શેઠ અમૃતલાલ છગનલાલ ( ૨ ) શેઠ દેવચંદ દામજી ( ૩ ) શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ ( ૪ ) શેઠ હરિલાલ દેવચંદ ( ૫ ) શાહ દીપચંદ જીવણભાઈ ( ૬ ) શાહ કાંતિલાલ ભગવાનદાસ ( ૭ ) વકીલ ભાઇચંદ અમરચંદ શાહ ( ૮ ) વકીલ ચત્રભુજ જેચંદ શાહ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરોક્ત આઠ સભ્યોની કમિટી નીમવામાં આવી અને આ કમિટીને બે વધારે નામો ઉમેરવાની સત્તા આપવામાં આવી. શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ અને શેઠ હરિલાલ દેવચંદને તે કમિટીના સેક્રેટરી તરીકે નિમવામાં આવ્યાં. અને ગોલ્ડન જ્યુબીલી ઉજવવા માટેની રૂપરેખાનો રિપોર્ટ તૈયાર કરી મેનેજીંગ કમિટીમાં રજૂ કરે તેમ ઠરાવવામાં આવ્યું.

## મેનેજીંગ કમિટી ( ૨ )

સં. ૧૯૯૭ ના પોષ શુદિ ૬ ને શુક્રવાર. તા. ૩–૧–૪૧

( ૧ ) ગઈ તા. ૨૫–૧૨–૪૦ ના રોજ આ સભાના માનદ્ સભ્ય ભાઇ દામોદરદાસ હરજીવનદાસના સ્વર્ગવાસથી દિલગીરી દર્શાવવામાં આવી અને તેમના કુટુંબ ઉપર દિલાસાપત્ર મોકલવા ઠરાવવામાં આવ્યું.

## મેનેજીંગ કમિટી ( ૩ )

સં. ૧૯૯૭ ના ચૈત્ર વદિ ૧ શનિવાર. તા. ૧૨–૪–૪૧

( ૧ ) બે વાર્ષિક મેમ્બરોના વિનંતિપત્રો મંજૂર કરવામાં આવ્યાં.

( ૨ ) સભાના મકાનની આથમણી બાજુનો કરો જીર્ણ થયેલ છે તેને દુરસ્ત કરાવવા સારૂ (૧) શેઠ અમૃતલાલ છગનલાલ (૨) વકીલ ભાઇચંદ અમરચંદ શાહ (૩) ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ એ ત્રણ સભ્યોની કમિટી નિમવામાં આવી અને તેના ખર્ચ માટે મંજૂરી આપવામાં આવી.

( ૩ ) આ સભાના સભાસદ બંધુ શાહ જસવંતરાય મૂળચંદ, એમ. બી. બી. એસ.ની ડૉકટરી પરીક્ષામાં પસાર થયા તેમને સભાના ધારા પ્રમાણે માનપત્ર આપવાનું ઠરાવવામાં આવ્યું અને તે માટે ૪૦) રૂપીયા સુધી ખર્ચ કરવાની મંજૂરી આપવામાં આવી અને તે માટે ( ૧ ) ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ ( ૨ ) શેઠ અમૃતલાલ છગનલાલ ( ૩ ) શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ ( ૪ ) શેઠ હરિલાલ દેવચંદ ( ૫ ) શાહ કાંતિલાલ ભગવાનદાસ વિ. ની એક સબ કમિટી નીમવામાં આવી. તે કમિટીએ તે માટેની રૂપરેખા વિ. તૈયાર કરી મેનેજીંગ કમિટીમાં રજૂ કરવી તેમ ઠરાવવામાં આવ્યું.

( ૪ ) શ્રી આત્માનંદ પ્રકાશ માટે આનંદ પ્રેસ પાસેથી લીધેલ કાગળોના નક્કી કરેલા ભાવ પ્રમાણે બીલ ચૂકવી આપવા ઠરાવવામાં આવ્યું.

## મેનેજીંગ કમિટી ( ૪ )

સં. ૧૯૯૭ ના ચૈત્ર વદિ ૩૦ શનિવાર. તા. ૨૬–૪–૪૧

( ૧ ) ભાઇશ્રી જસવંતરાય મૂળચંદ શાહ એમ. બી. બી. એસ.ને માનપત્ર આપવા માટેની નિમાયેલ સબ કમિટીએ તૈયાર કરેલ રૂપરેખા રજૂ કરવામાં આવી અને તે વાંચી સંભળાવવામાં આવી તેમાં નીચે પ્રમાણે સુધારો કરવામાં આવ્યો.

માનપત્ર આપવાનો દિવસ ભાઇશ્રી જસવંતરાય સાથે નક્કી કરવાનું શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ અને શાહ કાંતિલાલ ભગવાનદાસને સોંપવામાં આવ્યું અને બનતાં સુધી આવતો રવિવાર ( તા. ૪ થી મે ) તેમની સાથે નક્કી કરવો તેમ જણાવવામાં આવ્યું.

( ૨ ) માનપત્ર આપવાનું મુલતવી રાખવાનું હોય અગર તો આવતા રવિવારે આપવાનું હોય તો તે હકીકત હવે મેનેજીંગ કમિટીને નહિ જણાવતાં તે માટે નિમાયેલ સબ કમિટીએ જ યોગ્ય કરવું તેમ ઠરાવવામાં આવ્યું.

( ૩ ) એક વાર્ષિક સભ્યનું વિનંતિપત્ર મંજૂર કરવામાં આવ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મેનેજીંગ કમિટી (૫)

### સં. ૧૯૯૭ ના જેઠ વદિ ૧૪ સોમવાર. તા. ૨૩–૬–૪૧

(૧) ભાવનગરના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સમાજની કોઈપણ જૈન બાળા મુંબઈ યુનિવર્સિટીની કોઈપણ પરીક્ષામાં ફર્સ્ટ કલાસ પાસ થાય તો તેને શ્રી જૈન આત્માનંદ સભા તરફથી અભિનંદનપત્ર લખી મોકલવો અને તેની નોંધ આત્માનંદ પ્રકાશમાં લેવી.

(૨) આવા પાસ થનારમાં અસાધારણ સંજોગો હોય તો આ સભાએ મેલાવડો કરી અભિનંદન આપવા માટે મેનેજીંગ કમિટીએ વિચાર કરવો અને કરવાનું ઠરે તો રૂ. ૧૫) થી ૨૦) સુધી સભાએ ખર્ચ કરવો.

(૩) આ વરસે આવી અસાધારણ રીતે મેટ્રિકની પરીક્ષામાં ઘણા જ સારા માર્કસ મેળવનાર આપણા લાઇફ મેમ્બર શ્રી છગનલાલ જે. પારેખ એલ. સી. ઇ. આસી. એન્જીનીયર સાહેબના સુપુત્રી ધૈર્યબાળાએ ૫૪૦ માર્કસ (૭૭ ટકા) લીધા છે તેને મેલાવડો કરીને અભિનંદન આપવાનો ઠરાવ કરવામાં આવ્યો અને તે માટે રૂ ૨૦) સુધી ખર્ચ કરવો અને તેની વ્યવસ્થા કરવા (૧) ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ (૨) શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ (૩) શાહ ગુલાબચંદ લલ્લુભાઈ અને (૪) શેઠ હરિલાલ દેવચંદને નીમવામાં આવ્યા.

(૪) ચાર વાર્ષિક મેમ્બરોનાં વિનંતિપત્રો મંજૂર કરવામાં આવ્યાં.

---

## મેનેજીંગ કમિટી (૬)

### સં. ૧૯૯૭ના અશાડ વદિ ૧૩ મંગળવાર. તા. ૨૨–૭–૪૧.

(૧) હાલમાં યુરોપમાં ચાલતા મહાન વિગ્રહને લઇને છાપવાના કાગળોની અસાધારણ મોંઘવારીને લીધે ક્રાઉન ગ્લેજ ૨૨ રતલી કાગળ મળે તો માસિકના ત્રણ ફોર્મ કરવા; પરંતુ તે કાગળ ન મળે તો રફ કાગળમાં ૩॥ ફોર્મ રાખવા. ટાઇટલના કાગળ તો જે છે તેવા વાપરવા એમ નક્કી કરવામાં આવ્યું.

(૨) સભાના મકાનનો આથમણો કરો ફરી ચણાવવા માટે રૂ. ૧૨૫)ની મંજૂરી આપવામાં આવી અને તે સંબંધી પડખેના મકાનમાલીક શાહ હીરાલાલ ફૂલચંદની સાથે ખર્ચના ભાગ માટે નિરાકરણ કરવાનું ઠરાવવામાં આવ્યું.

(૩) ફ્રી પુસ્તકો વાંચવા માટે બ્હોળી સંખ્યામાં જતાં હોવાથી વાંચનાર ભાઇઓની બેકાળજીને લઇને મોટા જથ્થામાં લાઇબ્રેરીના પુસ્તકો તદ્દન ખરાબ સ્થિતિમાં થઇ જવાથી તેમજ કેટલાંક ઉપયોગી નહીં મળતાં પુસ્તકો પણ રદ્દી થયેલા હોવાથી વાંચનનો લાભ તેવી જ બ્હોળી સંખ્યામાં લેવાય અને કંઇક દરકાર રહે તે માટે લાઇબ્રેરીના પુસ્તકો વાંચવા લઇ જવા માટે જૈન સિવાય જૈનેતરના ડીપોઝીટ રૂ. ૫) ઉપરાંત રૂ. ૧) વાર્ષિક ફીનો પહેલાં લેવો અને તે ધારાનો અમલ સં. ૧૯૯૮ના કારતક શુદિ ૧થી કરવો તેમ ઠરાવવામાં આવ્યું અને વરસના પેટા ભાગની પણ ફી રૂ. ૧)થી ઓછી ન લેવી.

(૪) મુનિરાજ શ્રી જસવિજયજી મહારાજને મોકલેલ શ્રી ભક્તિવિજયજી મહારાજના ભંડારની હસ્તલિખિત ૫૦) પ્રતો પાછી મોકલવા માટે વારંવાર લખવા છતાં ખુલાસો આવતો નથી જે માટે ફરી પત્ર લખવા ઠરાવવામાં આવ્યું.

(૫) શ્રી આત્માનંદ પ્રકાશના વ્યવસ્થાપક તરીકે ૧૯૯૮ માટે શાહ કાંતિલાલ ભગવાનદાસની નિમણુંક કરવામાં આવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૬) વકીલ હરિચંદભાઇનો સભામાં જે ફોટો છે તેવડો રંગીન ફોટો આ સભાના સ્વર્ગવાસી પ્રમુખશ્રી મગનલાલભાઇ ઓધવજીનો કરાવવો અને સભાના મકાનમાં ગોઠવવો.

(૭) જે જૈન વ્યકિતને સભાના પ્રકાશિત ગ્રંથો ભેટ અપાય છે તે સિવાય બીજા કોઈ પણ જૈનેતરને ભેટ આપવા હોય તો કમિટીની મંજૂરી લઇને આપવા તેમ ઠરાવવામાં આવ્યું અથવા તાત્કાલિક જરૂર હોય તો સેક્રેટરીઓએ આપી તે પછીની મેનેજીંગ કમિટીમાં તે હકીકત જાહેર કરવી.

(૮) પાંચ વાર્ષિક મેમ્બરના વિનંતિપત્રો મંજૂર કરવામાં આવ્યા.

---

## મેનેજીંગ કમિટી (૭)

સં. ૧૯૯૭ના ભાદરવા શુદિ ૮ શનિવાર. તા. ૩૦-૮-૪૧.

(૧) આ સભાના સેક્રેટરી શ્રીયુત વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધીએ જણાવ્યું કે આપણી સભા તરફથી પ્રાતઃસ્મરણીય મુનિરાજશ્રી મૂળચંદજી મહારાજની જયંતિ પણ માગશર વદિ ૬ના રોજ ઉજવાય છે. તેમાં તે ગુરુભકિત નિમિત્તે તે તિથિના આંગીના રૂપીયા શેઠ ડોસાભાઈ અભેચંદને ત્યાં મૂકયા છે તેના વ્યાજમાંથી દરવરસે તે દિવસે આંગી રચાય છે; પરંતુ પૂરતા ફંડના અભાવે તે દિવસે સભાસદોનું સ્વામીવાત્સલ્ય થતું નહોતું, પરંતુ મને જણાવતાં આનંદ થાય છે કે ગયા શ્રાવણ વદિ ૧૦ ના રોજ આપણા સ્નેહી શેઠ અમૃતલાલ છગનલાલને ત્યાં આનંદમેલાપ અર્થે પાર્ટીમાં સ્નેહી બંધુઓએ હાજરી આપી હતી તે દિવસે ઉપરોક્ત હકીકત સેક્રેટરીઓએ જણાવતાં નીચે મુજબ ફંડ થયું હતું.

રૂા. ૫૦૦) શાહ છોટાલાલ હીરાચંદ, રૂા. ૨૫૦) શેઠ હરજીવનદાસ દીપચંદ, રૂા. ૨૫૦) શેઠ અમૃતલાલ છગનલાલ, રૂા. ૧૨૫) શેઠ દેવચંદ દામજી, રૂા. ૧૨૫) શાહ ગુલાબચંદ લલ્લુભાઈ, રૂા. ૬૨॥ શેઠ ઝવેરભાઈ ભાઇચંદ, રૂા. ૬૨॥ શેઠ ફતેહચંદ ઝવેરભાઈ, રૂા. ૫૦) શાહ કાંતિલાલ ભગવાનદાસ, ઉપર મુજબ ફંડ થયું હતું તે કમિટીમાં રજૂ થતાં ખુશાલી જાહેર કરવામાં આવી અને માગશર વદિ ૬ના રોજ દરવર્ષે હવેથી સભ્યોનું સ્વામી-વાત્સલ્ય કરવું તેમ ઠરાવવામાં આવ્યું.

(૨) આ સભાના માનનીય સેક્રેટરી ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસને તેઓની સાહિત્યસેવાની કદર કરી બનારસ સંસ્કૃત વિદ્યામંદિર તરફથી "સાહિત્યભૂષણ" ની પદવી એનાયત કરવામાં આવેલ તે પ્રતિષ્ઠાપત્ર મેલાવડો કરી તેઓને અર્પણ કરવું અને તે માટે રૂા. ૪૦ સુધીનો ખર્ચ કરવાની મંજૂરી આપવામાં આવી અને તે મેલાવડો પ્રો. રવિશંકર એમ. જોશીના પ્રમુખપદે કરવો તેમ જણાવવામાં આવ્યું અને ઉપરોકત સંસ્થાને આભારપત્ર લખી મોકલવો અને શ્રી આત્માનંદ પ્રકાશમાં તેની નોંધ લેવી તેમ ઠરાવવામાં આવ્યું.

(૩) સભાના મકાનનો આથમણો કરો ફરી ચણાવવા માટે રૂા. ૧૨૫) ની ગઇ મીટિંગમાં મંજૂરી આપવામાં આવી હતી પરંતુ તે ચણાવતા રૂા. ૫૦) ખર્ચ થયેલ છે તે જણાવવામાં આવ્યું.

---

## જરૂરિયાતો અને વિનંતિ.

સભાનું વિશાળ પુસ્તકાલય મોટા પાયા ઉપર સમૃદ્ધ કરવા માટે, જૈન પ્રાચીન સાહિત્યનું પ્રકાશન તથા તેના બ્હોળા પ્રચાર માટે, અપૂર્વ જ્ઞાનમંદિર બનાવવા માટે, ઘણા જૈન વિદ્યાર્થીઓને મોટા પ્રમાણમાં વિવિધ ભાષા, ઉદ્યોગ, હુન્નર વગેરેની કેળવણી લેતા થાય તે માટે સ્કોલરશીપ વિગેરેથી સહાયક થવા વિગેરે સભાનું ઘણું વિશાળ ક્ષેત્ર હજી ખેડવાનું બાકી છે, તે સન્મુખ રાખી સભાના સભ્ય તથા સહાયક થવા, પ્રાચીન સાહિત્ય પ્રકાશન અને જ્ઞાનમંદિરની પ્રગતિ માટે યોગ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મદદ આપવા, કેળવણી કે જેના વગર સમાજને ચાલી શકે તેવું નથી, સામાજિક ઉન્નતિનો તે વગર વિકાસ નથી અને તે વગર સમાજની પ્રગતિ નથી વિગેરે માટે યોગ્ય લાગે તે માર્ગે ધનથી, વાણીથી, પ્રેરણાથી, સલાહથી સભાને સહકાર આપવા અને તેથી ભવિષ્યમાં તેને વિશેષ સમૃદ્ધ અને પ્રતિભાશાળી બનાવવા સમાજના દરેક બંધુઓને વિનંતિ કરીએ છીએ.

---

## આભારદર્શન.

વયોવૃદ્ધ શાંતમૂર્તિ પ્રાતઃસ્મરણીય પ્રવર્તકજી મહારાજ **શ્રી કાન્તિવિજયજી મહારાજની** અપૂર્વ કૃપા તો આ સભા સ્થાપન થઇ ત્યારથી છે. સભાના પ્રાચીન સાહિત્ય પ્રકાશનની શરૂઆત તેઓશ્રીની કૃપાવડે જ તેઓશ્રીના વિદ્વાન સુશિષ્યો મુનિરાજ **શ્રી ચતુરવિજયજી મહારાજ** તથા પ્રશિષ્ય મુનિરાજ **શ્રી પુણ્યવિજયજી મહારાજ**દ્વારા ઘણા વર્ષોથી શરૂ થયેલ છે પરંતુ પરમ ઉપકારી મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજનો સ્વર્ગવાસ થતાં તેઓશ્રીના સુશિષ્ય શાંતમૂર્તિ સાક્ષરવર્ય મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ કે જેઓશ્રીની શારીરિક સ્થિતિ જોઇએ તેવી ન હોવા છતાં પોતાના પવિત્ર ગુરુરાજના પગલે ચાલી સભાથી પ્રકટ થતા પ્રાચીન સાહિત્યના ગ્રંથોનું કાર્ય અસ્ખલિતપણે કર્યે જાયે છે. તેથી આ સભા તે મહાત્માની અત્યંત ઋણી છે. અને હજુ સુધી નિયમિત અનેક ગ્રંથોનું પ્રકાશન થયા કરે છે. અનેક સુંદર, શુદ્ધ, પ્રાચીન મૂળ વિવિધ સાહિત્યના ગ્રંથો સભા તરફથી પ્રગટ થયા કરે છે કે જેથી સભાની પ્રતિષ્ઠામાં ઘણી વૃદ્ધિ થઇ છે. તે માટે સભા એ મહાત્માઓની આભારી છે. શ્રી પ્રવર્તકજી મહારાજ જૈન સાહિત્ય પ્રત્યે અપૂર્વ પ્રેમ ધરાવે છે. તેઓશ્રીના અપૂર્વ પ્રયત્નવડે વડોદરા અને છાણીના જૈન જ્ઞાનમંદિરો સુપ્રસિદ્ધ થયા છે. તેઓશ્રીનો સંગ્રહિત પ્રાચીન હસ્તલિખિત ગ્રંથસંગ્રહ, પૂર્વાચાર્યોના પત્રો અને ઐતિહાસિક લેખો, જૈન ચિત્રકળા વિગેરેનો સંગ્રહ પણ આહ્લાદ ઉત્પન્ન કરે તેવો છે. પોતાના જીવનમાં પોતાના શિષ્ય–પ્રશિષ્યોના સહકારવડે લીંબડી, પાટણ વિગેરેના જ્ઞાનભંડારો તપાસી તેને નવું જીવન આપ્યું છે. વગેરે બાબતોથી તો **જૈન સમાજ** ઉપરનો તે ઉપકાર નહિં ભૂલી શકાય તેવો છે. **જૈનસમાજને** પણ તે ગૌરવ લેવા જેવો વિષય છે. આ સભાના તેઓ શિરછત્રરૂપ છે. સભાની ઉન્નતિમાં આ ગુરુરાજનો મોટો ફાળો છે.

વળી આચાર્ય **શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજ કે જેઓશ્રીએ શ્રાવક, શ્રાવિકાક્ષેત્રને ઉન્નત બનાવવા સ્થળે સ્થળે મુંબઇ, સાદડી, વરકાણા, ઉમેદપુર, લાહોર વિગેરે પંજાબનાં શહેરોમાં કેળવણીની **જૈન** સંસ્થાઓ, **જૈન** હાઇસ્કૂલો, કોલેજોનો અનેક પ્રયત્નો અને ઉપદેશદ્વારા જન્મ આપ્યો છે, જેથી અનેક **જૈન** વિદ્યાર્થીઓ ઉચ્ચ કેળવણી પામ્યા છે અને હજી પણ લે છે, તે માટે **જૈન** સમાજ ઉપર તેઓશ્રીનો મહદ્ ઉપકાર છે. આ સભા ઉપર પણ પ્રથમથી નહિં ભૂલી શકાય તેવો ઉપકાર છે. તેઓશ્રીની આજ્ઞા, સૂચના, સલાહ કિંમતી થઇ પડ્યા છે, તેટલું જ નહિં પરંતુ સભાએ ગુરુસેવા માટે કરેલ વિનંતિનો સ્વીકાર તો તરતજ કરવાથી સભાની પ્રગતિમાં તેઓશ્રીનો અપરિમિત ફાળો છે અને સાહિત્ય પ્રકાશન ખાતામાં પણ તેઓશ્રીનો પ્રયત્ન અને ઉપદેશ અપરિમિત છે જેથી આ સભા તે મહાત્માનો પણ આભાર ભૂલી શકે તેમ નથી.

સિવાય આ વર્ષમાં સભાના ચાલતાં કોઇ કાર્યમાં આર્થિક કે બીજી કોઇપણ પ્રકારની સહાય આપનાર જૈન બંધુઓનો તેમજ "શ્રી આત્માનંદ પ્રકાશ"ને માટે લેખો વગેરેથી સહકાર આપનાર મુનિરાજાઓ તથા જૈન બંધુઓનો આભાર માનવામાં આવે છે અને પરમાત્માની પ્રાર્થના કરી આ રિપોર્ટ સમાપ્ત કરવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સભાનું વહીવટી ખાતું.

(સં. ૧૯૯૭ ના કારતક શુદિ ૧થી આસો વદિ ૦)) સુધી)

## ૧. શ્રી સભા નિભાવ ફંડ. (સાધારણ ખાતું)

| જ | ઉ |
|---|---|
| ૬૪૭૦) બાકી દેવા હતા તે. | ૧૧૪૫) આ વરસ ખર્ચના |
| ૧૪૨૫) લાઇફમેમ્બર તથા પેટ્રન સ્વર્ગવાસ પામતાં હવાલો. | ૭૦૨૭) બાકી દેવા. |
| ૨૭૭) વ્યાજ. | ૮૧૭૨) |
| ૮૧૭૨) | |

## ૨. સભાસદોની ફી ખાતું. (સાધારણ ખાતું)

| જ | ઉ |
|---|---|
| ૧૮૨) બાકી દેવા હતા. | ૪૭૩।।।≥ આત્માનંદ પ્રકાશ મેમ્બરોને ભેટ ખર્ચ. |
| ૧૫૭। વાર્ષિક મેમ્બર ફી. | ૧૧૩) મેમ્બરોની ફી માંડી વાળી. |
| ૧૧૨૦।।।– લાઇફ મેમ્બર તથા પેટ્રન ફીના વ્યાજના. | ૭૨૫)≥ લાઇફ-મેમ્બરોને પુસ્તક ભેટ. |
| ૯૪) વાસુપૂજ્ય ચરિત્રના રૂા. ૨) ઉપરાંત રૂા. ૦।। લાઇફમેમ્બર પાસેથી. | ૨૪૨) બાકી દેવા રહ્યા. |
| ૧૫૫૪)– | ૧૫૫૪)– |

## ૩. શ્રી પેટ્રન ફી ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૪૦૦૧) બાકી દેવા હતા. | ૪૦૦૧) બાકી દેવા રહ્યા. પેટ્રન ૮ |
| ૪૦૦૧) | ૪૦૦૧) |

## ૪. પહેલા વર્ગના લાઇફ મેમ્બર ફી ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૯૮૦૧) બાકી દેવા હતા. | ૭૦૪) મેમ્બર ૭ સ્વર્ગવાસ પામતા હવાલો સભા નિભાવ ફંડમાં. |
| ૪૦૪) નવા મેમ્બર ૪ થયા. | ૯૫૦૧) બાકી દેવા રહ્યા. |
| ૧૦૨૦૫) | ૧૦૨૦૫) |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૫. બીજા વર્ગના લાઇફ મેમ્બર ફી ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૧૧૦૫૧) બાકી દેવા હતા. | ૭૨૧) મેમ્બર ૧૪ સ્વર્ગવાસી થતાં હવાલો સભા નિભાવ ફંડ ખાતે. |
| ૧૫૭૧) નવા મેમ્બર ૩૧ થયા. | ૧૧૯૦૧) બાકી દેવા રહ્યા. |
| **૧૨૬૨૨)** | **૧૨૬૨૨)** |

## ૬. ત્રીજા વર્ગના લાઇફ મેમ્બર ફી ખાતું. ( ફક્ત માસિકના ગ્રાહક )

| જ | ઉ |
|---|---|
| ૨૨૫) બાકી દેવા હતા તે બાકી દેવા છે. ( આ વર્ગ હાલ બંધ કરેલ છે ) | |

## ૭. શ્રી આત્માનંદ ભવન–મકાન ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૨૦) આથમણો કરો રીપેર કરતાં ભાગ શાહ ફૂલચંદ બકોર પાસેથી. | ૨૪૬૫૦। બાકી લેણા હતા. |
| ૬૭૫) ભાડું આવ્યું. | ૧૧૯૧। વ્યાજના તથા વીમાખર્ચ. |
| ૨૫૨૫૧।ાા~ બાકી લેણા રહ્યા આસો વદ ૦)) | ૧૦૫।~ આથમણો કરો રિપેર તથા બીજો રીપેરીંગ ખર્ચ. |
| **૨૫૯૪૬।ાા~** | **૨૫૯૪૬।ાા~** |

## ૮. શ્રી આત્માનંદ ભવનની ઉત્તર બાજુના નવા મકાનનું ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૧૫૬) ભાડું આવ્યું. | ૩૯૭૬)= બાકી લેણા હતા. |
| ૪૦૧૭ાા૦ાા બાકી લેણા રહ્યા. | ૧૯૭ા=ાા વીમો, વ્યાજ તથા રીપેરખર્ચ. |
| **૪૧૭૩ાા૦ાા** | **૪૧૭૩ાા૦ાા** |

## ૯. શ્રી મૂળચંદભાઇ સ્મારક ફંડખાતું.

| જ | ઉ |
|---|---|
| ૪૯૮ાા બાકી દેવા હતા, રૂા ૧૦૦૦)ના બોંડ છે તે ઉપરાંત. | ૯૩ા~ાા સ્કોલરશીપ આપી. |
| ૭૧ાાા~ાા વ્યાજ. | ૪૭૭) બાકી દેવા. |
| **૫૭૦ા~ાા** | **૫૭૦ા~ાા** |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૧૦. શ્રી ખોડીદાસભાઇ સ્મારક ફંડખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૩૩૧) | બાકી દેવા હતા, રૂા ૧૦૦૦) ના બોંડ છે તે ઉપરાંત. | ૩૫) | ગરીબને મદદ. |
| ૬૫) | વ્યાજ. | ૩૬૧) | બાકી દેવા રહ્યા. |
| ૩૯૬) | | ૩૯૬) | |

## ૧૧. શ્રી જ્ઞાન ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૭ાાઙ્ગ | કારતક શુદિ ૧ જ્ઞાનપૂજનના. | ૮૮૨૮ાાાન્ન | બાકી લેણા હતા તે. |
| ૫) | કારતક શુદિ ૫ જ્ઞાનપંચમી પૂજનના. | ૫ાાા | કારતક શુદિ ૫ ખર્ચ. |
| ૩૩ાાઙ્ગ | પસ્તી વિ.ના. | ૫૧) | સભાના જૂના મકાનનું ભાડું શેઠ. ડો+અ. ને |
| ૩૦) | વખાર ભાડાના ઉપજ્યા હ. સંગીત મંડળ. | ૧૯)ન્ન | લાકડાની પેટી પ્રતો માટે નં. ૬ |
| ૨૨૫ાાન્ના | પુસ્તક વેચાણના હાંસલતું કું | ૯ાાા– | પરચુરણ મજૂરી વિ. |
| ૩૩૬ાાન્ન | વ્યાજનો વધારો. | ૧૪૫) | વીમો. |
| ૩૮)ન્ન | વીમાનો પાછો હવાલો. | ૯૬ાાાન્ન | હુલ્લડનો વીમો. |
| ૯૪૬૨ાાન્ન | બાકી લેણા રહ્યા. | ૧૫૬ાાા– | માસિક વર્તમાનપેપર ખર્ચ. |
| | ૯૪૪૦ાાાન્નાા–૨૧ાાઙ્ગ | ૪૯ાાા૦ાા | પ્રાચીન ભારતવર્ષ સેટ ૨ ઇંગ્રેજી તથા ગુજરાતી. |
| ૧૦૧૩૯)ઙ્ગ | | ૪ાા | સૂચિપત્ર ૨૦૦૦) છપાઇ. |
| | | ૧૧)ન્ના | મુનિમહારાજોને પુસ્તકો ભેટ. |
| | | ૫ાાઙ્ગ | ચોપડા. |
| | | ૧૩ાા | જાહેર–ખબર છપાઇ. |
| | | ૯ાા | રિપોર્ટ જુદા ૧૦૦). |
| | | ૧૪૨ા૦ાા | લાઇબ્રેરીના માટે પુસ્તકો ખરીદ કર્યા. |
| | | ૧૨૫) | ઉજમબાઇ જૈન કન્યાશાળાને મદદ. |
| | | ૧૬૪)ઙ્ગ | આત્માનંદ પ્રકાશ પુ. ૩૮ ખાતે ખોટના. |
| | | ૧૯) | ખાતા માંડી વાળતા. |
| | | ૨૬૯ાાન્ન | ભાવ ઘટાડતા તથા કસરના શ્રીપાળ-રાસ વિગેરે. |
| | | ૨૧ાાઙ્ગ | સરવૈયા ભૂલ સં ૧૯૯૭ |
| | | ૧૦૧૩૯)ઙ્ગ | |

For Private And Personal Use Only

## ૧૨. શ્રી આત્માનંદ પ્રકાશ પુ. ૩૮નું ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૧૦) જાહેર ખબરના સં ૧૯૯૭ | ૬૬૯) છપાઇ ફાર્મ ૫૩॥ |
| ૬૬૭॥~ લવાજમના પુ ૩૭-૩૮,૪૮॥૦॥+૬૧૯।૦॥ | ૪૬૦।≈ કાગળ. |
| ૪૭૩॥≋ મેમ્બરને ભેટનો હવાલો. | ૧૩૧।~ પોસ્ટ ખર્ચ. |
| ૧૬૪)≋ પુ. ૩૮ ની ખોટ. | ૨૭)≋ ફોટા—બ્લોક. |
| ૩૭॥~ રિપોર્ટનો હવાલો. | ૫૦॥≈ પરચુરણ ખર્ચ રેપર વિ. |
| | ૧૫) કવિ રેવાશંકરભાઇને. |
| ૧૩૫૩॥ | ૧૩૫૩॥ |

## સં. ૧૯૯૭ ના આસો વદિ ૦)) સુધીનું સરવૈયું.

| જ | |
|---|---|
| ૧૦૭૨૯।॥~। | જ્ઞાન ખાતું—પુસ્તક છપાવવા ખાતું. |
| ૧॥। | શ્રી આત્માનંદ પ્રકાશ પુ. ૪૦ |
| ૨૧૬૮૩) | સિરિઝના ખાતાઓ. |
| ૧૬૯૫॥~ | બુકસેલર તથા છાપખાનાના દેવા. |
| ૭૦૨૭) | સભા નિભાવ ફંડ ખાતું. |
| ૨૫૬૨૮) | લાઇફ મેમ્બર, પેટ્રન વિગેરે. |
| | ૪૦૦૧)-૯૫૦૧)-૧૧૯૦૧)-૨૨૫) |
| ૨૪૨) | મેમ્બર ફી ખાતું. |
| ૨૯૭। | સાધારણ ખાતું. |
| ૧૨૫૪૯।≡॥ | જયંતિ વિગેરે ખાતા. |
| ૪૭૭) | શ્રી મૂળચંદભાઇ સ્મારક ફંડ. |
| ૩૬૧) | શ્રી ખોડીદાસ સ્મારક ફંડ. |
| ૧૮૭૬) | ઉજમબાઇ જૈન કન્યાશાળા. |
| ૬૦૨૮)~। | શરાફી વિ. દેવું. |
| | ૫૩૮૫)—૨૭૫)~।—૩૬૮) |
| ૮) | મેમ્બર ફી. |
| ૮૮૬૦૪)≡। | |

| ઉ | |
|---|---|
| ૯૪૪૦॥≈॥ | જ્ઞાન ખાતે લેણા. |
| | કબાટ વિ. ડેડસ્ટોક તથા |
| | લાઇબ્રેરીના પુસ્તકોનો ખર્ચ. |
| ૧૦૦૪૨)≡॥ | પુસ્તકો ખાતે લેણા વેચાણ કરવાના. |
| ૯૪૬૩)≈ | સિરિઝના પુસ્તકો પરાંત. |
| ૬૭૦૫।~ | છાપખાના તથા બુકસેલર ખાતે. |
| ૨૯૫૦૬।~॥ | મકાન ખાતું ( બે મકાન ) |
| ૨૧૯૪૫।~॥ | શરાફી ખાતું. |
| | ૧૩૦૦૦) ભાવનગર સ્ટેટ બોંડ. |
| | ૩૦૦૦) બેંકમાં ફીકસ્ડ ડીપોઝીટ. |
| | ૨૩૨૩।≡॥ સેવીંગ્સ ખાતે બેંકોમાં. |
| | ૧૬૭॥≈—૧૧૬૨)≈॥—૯૯૩।≋ |
| | ૩૬૨૧॥।≈। શરાફ વિ. પાસે લેણા. |
| | ૨૧૯૪૫।~॥ |
| ૯૩૩) | મેમ્બરો પાસે. |
| ૩૮૯)≈। | આત્માનંદ પ્રકાશ પુ. ૩૯ |
| ૧૫૭)~ | શ્રી પુરાંત આસો વદિ ૦)) |
| ૮૮૫૮૨॥ | |
| ૨૧॥≡। | સરવૈયાની ભૂલના. |
| ૮૮૬૦૪)≡। | |

શ્રી જ્ઞાનખાતાનો ડેડસ્ટોક રૂા. ૪૪૬૯), તથા શ્રી સાધારણ ખાતાનો ડેડ સ્ટોક રૂા. ૧૧૩૪)નો મળી કુલ રૂા. ૫૬૦૩) નો છે જે તમામ વિગત સાથે સં. ૧૯૯૮ની સાલની ખાતાવહીના ચોપડાના પૂંઠે લખાયેલછે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મેનેજીંગ કમિટી*

(સં. ૧૯૯૮માં નવી નિમાયેલ)

## પ્રમુખ.

શેઠ ગુલાબચંદ આણંદજી.

## ઉપપ્રમુખ.

શેઠ દામોદરદાસ દીવાળજી.

## ટ્રેઝરર.

શેઠ અમૃતલાલ છગનલાલ.

## સેક્રેટરીઓ.

૧. ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ, ૨. શેઠ હરજીવનદાસ દીપચંદ, ૩. શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ.

## સભાસદો.

૧. શેઠ હરિલાલ દેવચંદ.

૨. શાહ ગુલાબચંદ લલ્લુભાઇ.

૩. ડૉ. જસવંતરાય મૂળચંદ શાહ એમ. બી.બી. એસ.

૪. વકીલ ભાઇચંદ અમરચંદ શાહ બી. એ. એલએલ. બી.

૫. વકીલ કચરાલાલ નાનજીભાઇ બી. એ. એલએલ. બી.

૬. શાહ ચત્રભુજ જેચંદભાઇ બી. એ. એલએલ. બી.

૭. શાહ દેવચંદ દુર્લભજી.

૮. સંઘવી અમરચંદ ધનજીભાઇ.

૯. શાહ કાંતિલાલ ભગવાનદાસ. ( ઓ. લાઇબ્રેરીયન )

૧૦. વકીલ પ્રેમચંદ મગનલાલ શાહ બી. એ. એલએલ. બી.

---

* સં. ૧૯૯૮ ના મહા વદિ ૫ શુક્રવાર તા. ૬-૨-૪૨ ના રોજ મળેલી જનરલ મીટિંગમાં ધારા પ્રમાણે નીમાયેલ ત્રણ વર્ષ માટે નવી મેનેજીંગ કમિટી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નવા થયેલા માનવંતા સભાસદો.

| | | | |
|---|---|---|---|
| ૧. | શેઠ લક્ષ્મીચંદ અનોપચંદ | ભાવનગર | લાઇફ-મેમ્બર |
| ૨. | સલોત વિનયચંદ જગજીવનદાસ | „ | „ |
| ૩. | શાહ મણિલાલ ભગવાનલાલ કાથીવાળા | „ ( વાર્ષિકમાંથી ) | „ |

## ખાસ વાંચવા લાયક જૈન ઐતિહાસિક ગ્રંથ-
## " શ્રી કુમારવિહાર શતક. "
### ( મૂળ, અવચૂરિ અને સવિસ્તર ગુજરાતી ભાષાંતર સાથે )

આ ગ્રંથના મૂળ કર્તા શ્રીમાન્ રામચંદ્ર ગણિ કે જેઓ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના મુખ્ય વિદ્વાન શિષ્ય હતા. જેમણે આ ગ્રંથ બારમા સૈકાના અંતમાં બનાવ્યો છે, તેના ઉપર શ્રી સોમચંદ્રસૂરિના પરિવારમાં થયેલા સુધાભૂષણ ગણિએ અવચૂરિ (સંસ્કૃતમાં) બનાવી છે. તે બંને સાથેનું સવિસ્તર ભાષાંતર મૂળ સાથે પણ આ ગ્રંથમાં આપવામાં આવેલું છે. સંસ્કૃત કાવ્યની દૃષ્ટિએ આ ગ્રંથ પ્રતિભાવાન છે, જૈન સાહિત્યનું ઉચ્ચ સ્વરૂપ છે. તેમ જૈન ઇતિહાસની દૃષ્ટિએ તેરમા સૈકામાં જૈનોની જાહોજલાલી, ગૌરવતા, પ્રાચીનતા, પ્રભાવશીલતા બતાવનાર પણ આ એક અપૂર્વ ગ્રંથ છે; કારણ કે આ ગ્રંથમાં ગૂર્જરપતિ જૈન મહારાજા શ્રી **કુમારપાળે** અણહીલપુર પાટણમાં પોતાના પિતાશ્રી ત્રિભુવનપાલના નામથી બનાવેલ પ્રાસાદ (જિનમંદિર) કે જેમાં શ્રીમાન **હેમચંદ્રસૂરિએ** શ્રી પાર્શ્વનાથ પ્રભુ પ્રતિષ્ઠિત કરેલ છે. તે ચૈત્ય-મંદિરની અદ્‌ભુત શોભાનું ચમત્કારિક વર્ણન આપેલું છે. આ પ્રાસાદમાં બહોંતેર દેવકુલીકા હતી. ચોવીશ રત્નની, ચોવીશ સુવર્ણની, ચોવીશ રૂપાની અને ચોવીશ પીત્તળની, તેમ અતિત, અનાગત અને વર્તમાન કાળની પ્રભુપ્રતિમા હતી. મુખ્ય મંદિરમાં એકસોચોવીશ આંગળ ચંદ્રકાંત મણિની પ્રતિમા હતી. મંદિરનું બાંધકામ, રચના, તેનું ચિત્રકામ, શિલ્પકામની સુંદરતા એટલી બધી છે કે જે આ ગ્રંથ વાંચવાથી આત્માને અપૂર્વ આનંદ સાથે કુમારપાળ રાજાની દેવભક્તિ માટે આશ્ચર્ય ઉત્પન્ન થાય છે; સાથે તે વખતનો ઇતિહાસ પણ જાણવામાં આવે છે. ગ્રંથ ખરેખર વાંચવા-જાણવા જેવો છે.

આ ગ્રંથ લાંબો સમય સચવાય તે માટે ઊંચા ઇંગ્લીશ આર્ટપેપર ઉપર સુંદર ટાઇપમાં છપાવેલ છે. તમામ લાભ લઇ શકે તે માટે પ્રતાકારમાં છપાવેલ છે, પાટલી પણ ઊંચા કપડાની કરવામાં આવેલ છે, છતાં કિંમત ફકત રૂા. ૧-૮-૦ પોસ્ટખર્ચ જુદું.

---

## શેઠ મનસુખલાલ સુખલાલનો સ્વર્ગવાસ.

ચુડાનિવાસી શેઠ મનસુખલાલભાઇ લાંબા સમયની બિમારી ભોગવી તા. ૭-૨-૪૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ સ્વભાવે મિલનસાર સરલહૃદયી અને દેવગુરુધર્મ પ્રત્યે દૃઢ શ્રદ્ધાવાળા હતા તેમના જીવનમાં અનેક ધાર્મિક કાર્યો થયા હતાં. છેલ્લે છેલ્લે ચાલુ વર્ષની ચૈત્રી ઓળી પોતાના ખર્ચે ચૂડામાં કરાવવાની તેમની ઇચ્છા હતી. પરંતુ કર્મની ગતિ વિચિત્ર છે. છતાં ચૈત્રીઓળી તેમના ખર્ચે શ્રી શત્રુંજયતીર્થની છાયામાં ઉજવવાનું નક્કી થયેલ છે. ચૂડા સ્ટેટમાં પણ તેઓ સારી લાગવગ ધરાવતા હતા. તેઓ આ સભાના ઘણા વખતથી લાઇફ-મેમ્બર હતા. તેમના સ્વર્ગવાસથી આ સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે. તેઓના કુટુંબને દિલાસો દેવા સાથે તેઓના આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાય તેમ આ સભા પરમાત્માની પ્રાર્થના કરે છે.

---

## આ સભાના માનનીય પ્રમુખ શેઠ ગુલાબચંદભાઇ આણંદજીના સુપુત્રી બહેન ઇન્દુમતીનો સ્વર્ગવાસ.

આ સભાના માનનીય પ્રમુખ શેઠ ગુલાબચંદભાઇના સુપુત્રી બહેન ઇન્દુમતીનું ફક્ત બે દિવસની માંદગીમાં શનિવાર તા. ૭-૩-૪૨ ના રોજ અકાળ અવસાન થયું છે. જે માટે શોક પ્રદર્શિત કરવા આ સભાની મેનેજીંગ કમિટી તા. ૮-૩-૪૨ ના રોજ ડૉ. જસવંતરાય મૂળચંદ શાહના પ્રમુખપણા નીચે મળી હતી જેમાં નીચેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

બહેન ઇન્દુમતીના સ્વર્ગવાસથી આ સભા પોતાની અંતઃકરણપૂર્વકની દિલગીરી જાહેર કરે છે. બહેન ઇન્દુમતી સુશીલ, માયાળુ, સદ્‌ગુણી હોવા સાથે માતાપિતા પ્રત્યે પૂજ્યભાવ ધરાવનારી તથા ધર્મપરાયણ હતી. એવી સદ્‌ગુણી સુપુત્રીના સ્વર્ગવાસથી જૈન સમાજમાં એક સુશીલ બહેનની ખોટ પડી છે આ સભા શેઠ ગુલાબચંદભાઇને અને તેમના કુટુંબને દિલાસો દેવા સાથે સદ્‌ગતના પવિત્ર આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

## શ્રી તીર્થંકર ભગવાનના સુંદર ચરિત્રો.

| | | |
|---|---|---|
| ૧. | શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર. | રૂ. ૧–૧૨–૦ |
| ૨. | શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧ લો. | રૂ. ૨—૦–૦ |
| ૩. | સદર ભાગ ૨ જો. | રૂ. ૨—૮–૦ |
| ૪. | શ્રી વિમલનાથ ચરિત્ર. | રૂ. ૧–૧૨–૦ |
| ૫. | શ્રી મહાવીર ચરિત્ર. | રૂ. ૩—૦–૦ |
| ૬. | શ્રી વાસુપૂજ્ય ચરિત્ર. | રૂ. ૨—૮–૦ |
| | | રૂ. ૧૩—૮–૦ |

ઉપરના વિસ્તારપૂર્વક ચરિત્રો એક સાથે બધાં લેનારને અમારા તરફથી પ્રકટ થયેલ અનેક સુંદર ચિત્રો સહિત સાદા કપડાનાં પાકા બાઇન્ડીંગવાળો **શ્રીપાલ રાસ** અર્થ સહિત ( રૂ. ૨–૦–૦ ની કિંમતનો ) ભેટ આપવામાં આવશે.

## ગુજરાતી ગ્રંથો.

**નીચેના ગુજરાતી ભાષાના કથાના સુંદર પુસ્તકો પણ સિલિકે ઓછા છે. વાંચવાથી આહ્‌લાદ ઉત્પન્ન કરે તેવા છે. મનુષ્ય સંસ્કારી, ચારિત્રવાન બનતાં આત્મકલ્યાણ સાધી શકે છે. મંગાવી ખાત્રી કરો. બધા પુસ્તકો સુંદર અક્ષરોમાં સુશોભિત કપડાંના પાકા બાઇન્ડીંગથી અલંકૃત અને કેટલાક તો સુંદર ચિત્રો સહિત છે.**

| | | | |
|---|---|---|---|
| (૧) શ્રી ચંપકમાળા ચરિત્ર | રૂ. ૦–૮–૦ | (૯) સુકૃતસાગર (પૃથ્વીકુમાર ચરિત્ર) | રૂ. ૧–૦–૦ |
| (૨) શ્રી સમ્યક્ત્વ કૌમુદી | રૂ. ૧–૦–૦ | (૧૦) શ્રી પ્રભાવક ચરિત્ર | રૂ. ૨–૮–૦ |
| (૩) શ્રી ઉપદેશ સપ્તતિકા | રૂ. ૧–૦–૦ | (૧૧) શ્રીપાળરાજાનો રાસ સચિત્ર અર્થ સહિત | |
| (૪) સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની | | સાદું પૂંઠું | રૂ. ૧–૮–૦ |
| કથા | રૂ. ૧–૦–૦ | ,, રેશમી પૂંઠું | રૂ. ૨–૦–૦ |
| (૫) આદર્શ જૈન સ્ત્રીરત્નો | રૂ. ૧–૦–૦ | (૧૨) સતી સુરસુંદરી ચરિત્ર | રૂ. ૧–૮–૦ |
| (૬) શ્રી દાનપ્રદીપ | રૂ. ૩–૮–૦ | (૧૩) શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર | રૂ. ૦–૨–૦ |
| (૭) કુમારપાળ પ્રતિબોધ | રૂ. ૩-૧૨-૦ | (૧૪) ,, સોળમો ઉદ્ધાર | રૂ. ૦–૪–૦ |
| (૮) જૈન નરરત્ન ભામાશાહ | રૂ. ૨–[illegible] | (૧૫) શ્રી તીર્થંકર ચરિત્ર | રૂ. ૦-૧૦-૦ |

## કર્મગ્રંથ ભાગ ૧–૨ સંપૂર્ણ.

**૧. સટીક ચાર કર્મગ્રંથ શ્રીમદ્દેવેન્દ્રસૂરિવિરચિત-પ્રથમ ભાગ રૂ. ૨–૦–૦**

**૨. શતકનામા પાંચમો અને સપ્તતિકાભિધાન છઠ્ઠો કર્મગ્રંથ, દ્વિતીય ભાગ રૂ. ૪–૦–૦**

ઘણી જ કાળજીપૂર્વક તેનું સંશોધન, અમારી પ્રસ્તુત આવૃત્તિમાં સાવધાનપણે સંપાદક મહાપુરુષોએ આ બંને ગ્રંથોમાં કર્યું છે અને રચના, સંકલના વિદ્વત્તાપૂર્ણ કરવામાં આવેલ છે; જે ગ્રંથ જોયા પછી જ જણાય તેવું છે. બાકી તેની સાથે ગુજરાતી ભાષામાં આપેલ પ્રસ્તાવનામાં વિગતો, ગ્રંથકારનો પરિચય, વિષયસૂચિ, કર્મગ્રંથનો વિષય કયા ગ્રંથોમાં છે તેની સૂચિ, પારિભાષિક શબ્દના સ્થાનદર્શક કોષ, શ્વેતાંબરીય કર્મતત્ત્વવિષય શાસ્ત્રોની સૂચિ, કર્મવિષયના મળતાં ગ્રંથો, છ કર્મગ્રંથાન્તર્ગત વિષય દિગંબરી શાસ્ત્રોમાં કયા કયા સ્થળે છે તેનો નિર્દેશ વગેરે આપવામાં આવેલ હોવાથી અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી થયેલ છે, જે પ્રથમ બહાર પડેલ કર્મગ્રંથ કરતાં અધિકતર છે.

ઉંચા એન્ટીક કાગળો ઉપર, સુંદર ટાઇપો અને મજબૂત તથા સુંદર બાઇંડીંગમાં બંને ભાગો પ્રકટ થયેલ છે. કિંમત બંનેના રૂ. ૬–૦–૦. પોસ્ટેજ જુદું.

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

( આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર. )

For Private And Personal Use Only